અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ મે ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર વદ ૧૨ | અંક : ૨૭૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# ભાજપની સરકારમાં ૧૦ વર્ષમાં ૧૪ વખત પેપર લીક થયા : પ્રિયંકા

## અગ્નિવીર યોજનાથી યુવાનો સેનામાં જતા નથી

## પ્રિયંકા ગાંધીના બનાસકાંઠાથી ભાજપ પર તેજાબી પ્રહાર

## અમારી સરકાર આવશે તો અમે ૩૦ લાખ સરકારી પદો પર ભરતી કરીશું : પ્રિયંકા ગાંધી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૪ ।

હવે ચૂંટણી પ્રચારને ફક્ત બે જ દિવસ બાકી છે, ત્યારે રાજકીય પક્ષોએ પ્રચારમાં એડીચોટીનું જોર લગાવ્યું છે. આજે કોંગ્રેસના સ્ટાર પ્રચારક પ્રિયંકા ગાંધી ગુજરાત આવ્યા હતા. પ્રિયંકા ગાંધી બનાસકાંઠા કોંગ્રેસ ઉમેદવાર માટે પ્રચાર કરવા પહોંચ્યા હતા. તેમણે લાખણીમાં પ્રચાર સભાને સંબોધી હતી. લાખણીમાં ગેનીબેન ઠાકોરના પ્રચાર માટે સભા સંબોધી હતી. આ સમયે કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સાથે પ્રદેશના નેતાઓ હાજર રહ્યા હતા. જનસભા સંબોધતા પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે, સંવિધાનથી તમને અધિકાર મળે છે. સૌથી મોટો અધિકાર છે તમે વોટ આપી શકો છો. આ અધિકાર તમામને મળ્યો છે. બધાનો સમાન અધિકાર છે. અનામત પણ સંવિધાને આપ્યું છે. તમે આજની રાજનીતિને જુઓ અને સમજો તો સ્પષ્ટ દેખાશે કે છેલ્લા ૧૦ વર્ષમાં પીએમ મોદીએ સૌથી મોટું જે કામ કર્યું છે તે કે જનતાના અધિકારોને કમજોર કર્યા છે. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, તેઓ મારા ભાઈને શહેઝાદા કહે છે. આ શહેઝાદા ૪ હજાર કિલોમીટર પગપાળા ચાલ્યા છે. કન્યાકુમારીથી કાશ્મીર સુધી તમારી સમસ્યાઓ જાણવા માટે ચાલ્યા છે. બધાને મળીને સમસ્યાઓ પૂછી છે. બીજી બાજુ, તમારા શહેનશાહ પીએમ મોદી મહેલોમાં રહે છે. તમે ટીવીમાં તેમનો ચહેરો જોયો છે. એકદમ સાફ સફેદ કૂર્તો, ધૂળનો એક ડાઘ નહીં, એક વાળ આમથી તેમ નહીં, તે કેવી રીતે સમજી શકશે તમારી મજૂરી, ખેતી. ક્ષત્રિય આંદોલનનો મુદ્દો ઉઠાવતા પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે, અહીં રાજપૂત સમાજની મહિલાઓનું કેટલું અપમાન કરવામાં આવ્યું. પીએમ મોદીએ શું કર્યું? શું તે ઉમેદવારને હટાવવામાં આવ્યા? તમારી માગ હતી કે તેમને હટાવવામાં આવે. તમને અપમાનિત કર્યા. પીએમ મોદીએ તમારી વાત સાંભળી? અમને મોકો મળ્યો તો અમે આવું અપમાન નહીં થવા દઈએ.

## કોંગ્રેસ યુવા, વિદ્યાર્થીઓ, મહિલાઓ, ખેડૂતો વિશે શું-શું કરશે

સાથે જ કોંગ્રેસ યુવા, વિદ્યાર્થીઓ, મહિલાઓ, ખેડૂતો વિશે શું-શું કરશે, તે અંગે તેમણે જાણકારી આપી હતી. ૧૦ વર્ષમાં ૧૪થી વધુ પેપર લીક થયા છે. ભાજપ સરકારમાં ૩૦ લાખ રોજગારના પદ કેન્દ્રમાં ખાલી છે. તમને કોઇ સ્થાયી રોજગારી મળતી નથી. દેશની બધી મોટી વસ્તુઓ જેનાથી તમને સુવિધા અને રોજગાર મળતો હતો તે બધું તેમના અબજોપતિ મિત્રોને આપી દીધું છે. તેમની નીતિઓ માટો મોટા અબજોતિઓ માટે જ બની રહી છે. દરેક સ્તર પર આ થઇ રહ્યું છે. નાના-મધ્ય ઉદ્યોગોથી પણ રોજગારી મળતી હતી. તેને એવા સંકટમાં નાંખી દીધા છે કે તેમની કમર તૂટી ગઇ. આજે દેશમાં ૭૦ કરોડ યુવાન બેરોજગાર છે. તમે પૂછો છો ૭૦ વર્ષમાં શું કર્યું. હું પૂછુ છું કે તમે ૧૦ વર્ષમાં શું કર્યું? ભારતની ચૂંટણીમાં પાકિસ્તાનની વાત થાય છે. લોકોને સંબોધતા પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે અગ્નિવીર યોજનાથી યુવાનો સેનામાં જતા નથી. અમારી સરકાર આવશે તો અમે ૩૦ લાખ સરકારી પદો પર ભરતી કરીશું. સ્નાતક યુવાનો માટે એપ્રેટિસ પ્રોજેક્ટ લાવીશું. નાના અને મધ્યમ ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપીશું. સરકારી કંપનીઓને પ્રાઈવેટ બનાવવાનો પ્રયાસ કરાયો છે. ખાનગીકરણથી અનામત મળતું નથી. ભાજપે ૧૦ વર્ષમાં શું કર્યુ તેનો જવાબ આપે. ભાજપે લોકોની વચ્ચે નફરતના બીજ વાવ્યા છે.



## ન્યૂઝ બ્રિફ

### પહેલા રાયબરેલી જીતો પછી ટોપની વાત કરો

। (એજન્સી) મોસ્કો, તા.૪ ।

રશિયાના જાણીતા ચેસ ચેમ્પિયન ગેરી કાસપારવોએ ભારતના રાજકારણ પર એક ટિપ્પણી કરી છે. જે હાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થઈ છે. રાહુલ ગાંધીએ પોતાને ભારતીય રાજકારણના સૌથી સારા ચેસના ખેલાડી હોવાની વાત કરતા ગેરી કહ્યું હતું કે તે પહેલા રાય બરેલી જીતે અને પછી ટોપની વાત કરે.

જોકે આ અંગેની ટિપ્પણી કર્યા પછી ૬૧ વર્ષીય કાસપારવોએ કહ્યું હતું કે તેમણે આ સંદર્ભે જોક્સ કર્યો છે, આ વાતને કોઈ રાજકીય સલાહ કે નિપૂણતા તરીકે ન જોવામાં આવે. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી સારી ચેસ રમવાની આવડત ધરાવે છે, તેવી ટિપ્પણી હીરો રણવીર શોરેએ કરતા આ અંગે કાસપારવોએ જોક્સ માર્યો હતો. વર્ષ ૨૦૦૫માં નિવૃત થયેલા કાસપારવોએ આ અંગે જોક્સ મારતા જ તેમને સોશિયલ મીડિયામાં પ્રતિક્રિયા મળવાની શરૂ થઈ ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે તાજેતરમાં જ રાહુલ ગાંધી મોબાઈલમાંથી ચૂંટણી પ્રચાર દરમિયાન ચેસ રમતા હોય તેવો એક વીડિયો શેર કર્યો હતો. જેમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે કાસપારવો તેમના માનીતા ચેસ ખેલાડી છે.

વીડિયો શેર કરતાં ભાજપના પ્રવક્તાએ દાવો કર્યો હતો કે શરદ પવાર ઉદ્ધવને રૂમથી બહાર નીકળી જવા કહે છે

## શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેની વાતચીતનો વીડિયો વાયરલ થયો

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેને દર્શાવતો એક વીડિયો તાજેતરમાં સોશિયલ મીડિયા પર ઘણો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો શેર કરતાં મહારાષ્ટ્ર ભાજપના પ્રવક્તાએ દાવો કર્યો હતો કે શરદ પવાર ઉદ્ધવ ઠાકરેને રૂમથી બહાર નીકળી જવા કહે છે. તેની સામે ઉદ્ધવ ઠાકરે પણ હાથ જોડીને પ્રતિક્રિયા આપતાં દેખાય છે અને કહે છે કે ઠીક છે હું બહાર છું. ભાજપના દાવા બાદ સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે બોડી લેગ્વેજથી બંને નેતાઓ વચ્ચેની વાતચીત સામાન્ય અને સહજ જણાઈ રહી છે. આ વીડિયો નાનો છે. ભાજપે ૧૨ સેકન્ડના વીડિયોમાં બંને નેતાઓના સંબંધો વિશે દાવો કરતાં સવાલો ઊભા કર્યા હતા. ભગવા કેમ્પે દાવો કર્યો હતો કે બંને નેતાઓ અને પક્ષો વચ્ચે બધું ઠીક નથી. મહારાષ્ટ્ર ભાજપના પ્રવક્તા જિતેન ગજારિયા કહે છે કે શરદ પવારે વિનમ્રતાપૂર્વક ઉદ્ધવ ઠાકરેને બહાર નીકળી જવા કહ્યું હતું કેમ કે તે વ્યસ્ત હતા. જ્યારે આ જ વીડિયો શેર કરતાં એક યૂઝર્સે કેપ્શનમાં લખ્યું કે શરદ પવાર દ્વારા ઉદ્ધવ ઠાકરે સાથે આવું વર્તન કરવામાં આવી રહ્યું છે. જોકે વીડિયોને ધ્યાનથી જોવા સમજાયછે કે શરદ પવારે ઉદ્ધવ ઠાકરેને બસ થોડાક જ સમય માટે એક વિશેષ જગ્યાએ રાહ જોવા કહ્યું હતું.

## ભાજપ છે ત્યાં સુધી અનામતને કોઈ હાથ લગાડી શકવાનું નથી

### નરેન્દ્ર મોદીએ ગુજરાતથી દેશ સુધી સુરક્ષા, સ્વાસ્થ્ય, સમૃદ્ધી, શિક્ષાનું કામ કર્યું છે : કેન્દ્રીય ગૃહ મંત્રી શાહ

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૪ ।

લોકસભાની ચૂંટણીના હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. તેને લઈને તમામ પક્ષો દ્વારા પ્રચાર પ્રસારનો છેલ્લો દોર ચાલી રહ્યો છે. ત્યારે આજે છોટાઉદેપુરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પહોંચ્યા હતા અને સભાને સંબોધિત કરી હતી. જણાવી દઈએ કે, અમિત શાહ છોટાઉદેપુર લોકસભા બેઠકના ભાજપ ઉમેદવાર જશુ રાઠવામાં આ જાહેર સભા સંબોધી રહ્યા હતા. અમિત શાહે સભામાં જણાવ્યું કે, તમે જશુભાઈને જે વોટ આપશો તે દિલ્હીમાં મોદીને વડાપ્રધાન બનાવવાનું કામ કરશે. નરેન્દ્ર મોદીએ ગુજરાતથી દેશ સુધી સુરક્ષા, સ્વાસ્થ્ય, સમૃદ્ધી, શિક્ષાનું કામ નરેન્દ્ર મોદીએ કર્યું છે. આ સાથે જ તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે,



આપણી સામે કોંગ્રેસ અને INDIA ગઠબંધન ચૂંટણી લડી રહ્યું છે, ત્યારે તે જીતવાના તો છે નહીં, પરંતુ ભગવાન ન કરે અને તે જીતી જાય તો છોટાઉદેપુરની જનતાને પુંછવા માંગુ છું કે, વડાપ્રધાન પ્રધાન કોણ બનશે. અમારો તો ચોખ્ખો હિસાબ છે કે, ભાજપ જીતશે એટલે મોદી સાહેબ વડાપ્રધાન બનશે. આ સાથે જ તેમણે કહ્યું કે અરે અકલના ઓથમિરો આ ભાગીદારી નથી, દેશ ચલાવવાનો છે. આનામત મામલે જણાવ્યું કે, હમણાં રાહુલબાબા એન્ડ કંપની કહે છે કે, મોદી વડાપ્રધાન બનશે તો અનામત જતી રહેશે. ભાજપે ૪૦૦ પારનો નારો અનામત છીનવી લેવા માટે આપ્યો છે. અને રાહુલ બાબ કોઈ સલાહ કાર તો સારા રાખો, ૨૦૧૪માં ભાજપ પાસે બહુમતી હતી, ૨૦૧૯માં પણ બહુમતી હતી પરંતુ નરેન્દ્રભાઈએ SC,ST, OBCની અનામત હટાવવાનું કામ નથી કર્યું. શાહે ગેરેન્ટી આપતા કહ્યું કે, જ્યા સુધી ભાજપ સરકાર છે ત્યા સુધી અનામતને કોઈને હાથ લગાવવાનો કોઈને અધિકાર નથી. આ અધિકાર Sc, ST, OBC ભાઈનો છે, તેની પાસેથી ક્યારે છીનવામાં આવશે નહી.

"વડાપ્રધાન પુષ્પકમલ દહલ 'પ્રચંડ' ની અધ્યક્ષતામાં મળેલી મંત્રી પરિષદની બેઠકમાં નેપાળનો નવો નકશો છાપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો

## નેપાળમાં ૧૦૦ રૂપિયાની નવી નોટમાં વિવાદિત વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

માહિતી અને સંદેશાવ્યવહાર મંત્રી રેખા શર્માએ કહ્યું, "૨૫ એપ્રિલ અને ૨ મેના રોજ યોજાયેલી કેબિનેટ બેઠક દરમિયાન કેબિનેટે ૧૦૦ રૂપિયાની બેંક નોટને ફરીથી ડિઝાઈન કરવા અને બેંક નોટની પૃષ્ઠભૂમિમાં છપાયેલા જૂના નકશાને બદલવાની મંજૂરી આપી હતી." નેપાળે શુક્રવારે નકશા સાથે ૧૦૦ રૂપિયાની નવી નોટ છાપવાની જાહેરાત કરી હતી. આ નોંધો લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાનીના વિવાદિત વિસ્તારો દર્શાવે છે, જેને ભારત પોતાનો વિસ્તાર માને છે અને તેને "કૃત્રિમ વિસ્તરણ" અને "અસ્થિર" તરીકે ઓળખાવ્યું છે.એજન્સી અનુસાર, સરકારના





પ્રવક્તા રેખા શર્માએ કેબિનેટના નિર્ણયની જાણકારી મેળવ્યા બાદ કહ્યું કે, "વડાપ્રધાન પુષ્પકમલ દહલ 'પ્રચંડ'ની અધ્યક્ષતામાં મળેલી મંત્રી પરિષદની બેઠકમાં નેપાળનો નવો નકશો છાપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. , જેમાં લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાનીને રૂ. ૧૦૦ સાથે ચિહ્નિત કરવામાં આવશે. "બેંક નોટ્સમાં સામેલ."માહિતી અને સંદેશાવ્યવહાર મંત્રી રેખા શર્માએ કહ્યું, "૨૫ એપ્રિલ અને ૨ મેના રોજ યોજાયેલી કેબિનેટ બેઠક દરમિયાન કેબિનેટે ૧૦૦ રૂપિયાની બેંક નોટને ફરીથી ડિઝાઈન કરવા અને બેંક નોટની પૃષ્ઠભૂમિમાં છપાયેલા જૂના નકશાને બદલવાની મંજૂરી આપી હતી."૧૮ જૂન, ૨૦૨૦ ના રોજ, નેપાળે તેના બંધારણમાં સુધારો કરીને લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાના ત્રણ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વિસ્તારોને સમાવવા માટે દેશના રાજકીય નકશાને અપડેટ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી. ભારતે આ નિર્ણય પર તીખી પ્રતિક્રિયા આપી અને તેને "એકપક્ષીય કૃત્ય" ગણાવ્યું.ભારત લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા પર પોતાનો અધિકાર જાળવી રાખે છે. નેપાળ પાંચ ભારતીય રાજ્યો - સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સાથે ૧,૮૫૦ કિલોમીટરથી વધુની સરહદ ધરાવે છે.

### દમણમાં બોલ્યા અમિત શાહ

## સોનિયાજીએ રાહુલ નામના યાનને ૨૦-૨૦ વાર લોન્ચ કર્યું, છત્તા લેન્ડ ના થયું

। (એજન્સી) દમણ, તા.૪ ।

અમિતશાહ હાલ લોકસભાની ચૂંટણીના પ્રચાર માટે દમણ પહોચ્યાં હતા જ્યાં તેમણે જનસભા સંબોધી હતી આ દરમિયાન તેમણે ભાજપે ૧૦ વર્ષમાં કરેલા કામોની વાત કરી હતી અને આ સાથે કોંગ્રેસ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા. દેશમાં લોકસભાની ચૂંટણીને લઈને રાજકારણ ગરમાયું છે. ચૂંટણીને લઈને જોર-શોરમાં પ્રચાર ચાલી રહ્યો છે જેને લઈને વિવિધ પાર્ટીઓના નેતા જંગી પ્રચાર કરી રહ્યા છે અને જનસભા સંબોધી મતદાતાઓને રિઝવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ત્યારે આ દરમિયાન દેશના ગૃહપ્રધાન અમિત શાહ દમણમાં પ્રચાર માટે પહોચ્યાં હતા. જ્યાં રોડ શો કરી જનસભા સંબોધી હતી. અમિતશાહ હાલ લોકસભાની ચૂંટણીના પ્રચાર માટે દમણ પહોચ્યાં છે જ્યાં તેમણે જનસભા સંબોધી હતી આ દરમિયાન તેમણે ભાજપે ૧૦ વર્ષમાં કરેલા કામોની વાત કરી હતી અને આ સાથે કોંગ્રેસ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા. અમિત શાહે આ દરમિયાન રામ મંદિરનો પણ ઉલ્લેખ કર્યો હતો.



## યુનિ.ની લો ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓએ લાઈટો અને પંખા વગર પરીક્ષા આપી

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

એમ.એસ.યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીની હાલમાં પરીક્ષા ચાલી રહી છે.લો ફેકલ્ટી ખાતે પણ તેની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.આજે પરીક્ષા દરમિયાન વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હોવાથી ગરમીમાં વિદ્યાર્થીઓને લાઈટ અને પંખા વગર પરીક્ષા આપવાનો વારો આવ્યો હતો. કોમર્સની એસવાયની પરીક્ષાની બેઠક વ્યવસ્થા કોમર્સ તેમજ બીજી ફેકલ્ટીઓમાં પણ ગોઠવવામાં આવી છે.જેમાં લો ફેકલ્ટીનો પણ સમાવેશ થાય છે.વીજ કંપનીએ લો ફેકલ્ટી જયાં આવેલી છે તે ડોનર્સ પ્લાઝા(મહારાજા પ્રતાપસિંહરાવ પરિસર) વિસ્તારમાં આજે સમારકામના કારણે વીજ પુરવઠો સવારે સાત વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી બંધ રહેશે તેવી જાહેરાત અગાઉ કરી હતી. જોકે આ બાબત સત્તાધીશોના ધ્યાનમાં નહીં આવી હોય કે પછી બીજા કોઈ કારણસર કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી નહોતી.જેના કારણે વિદ્યાર્થીઓને આખી પરીક્ષા લાઈટ અને પંખા વગર આપવાનો વારો આવ્યો હતો.

## સુરતમાં આચાર સંહિતામાં રોડ બનાવવામાં વેઠ ઉતારાતા હોવાની ફરિયાદ ઉઠી

। (એજન્સી) સુરત, તા.૪ ।

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં હાલ આચાર સિહંતાના કારણે નવા કામ થતું નથી પરંતુ ચોમાસા પહેલા રોડ રી-કાર્પેટ કરવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં કેટલીક જગ્યાએ ઝોન દ્વારા થતી કામગીરીમાં વેઠ ઉતારાતી હોવાની ફરિયાદ વધી રહી છે. અઠવા ઝોન દ્વારા રોડ કારપેટ કરવાની કામગીરી થઈ રહી છે પરંતુ ડ્રેનેજના ચેમ્બરનું લેવલ ન હોવાથી વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે. રોડ સાથે ડ્રેનેજના ચેમ્બર ઉંચા નીચા હોવાથી અકસ્માત થવાની ભીતી રહેલી છે. સુરત પાલિકાના અઠવા ઝોન વિસ્તારમાં હાલ ચોમાસા પહેલા અનેક રોડને કારપેટ રી-કાર્પેટ કરવાની કામગીરી ચાલી રહી છે. જોકે, હાલ આચાર સંહિતા હોવાથી મોટાભાગના અધિકારીઓ-કર્મચારીઓ ચુંટણીની માટે તાલીમ લઈ રહ્યા છે અથવા તો અન્ય કામગીરીમાં જોડાયેલા છે. આવા સંજોગોમાં અઠવા ઝોન દ્વારા થતી રોડની કામગીરી માં વેઠ ઉતારવામાં આવી હોવાની ફરિયાદ થઈ રહી છે. અઠવા ઝોન દ્વારા હાલમાં મિશન હોસ્પિટલ થી શાંતિવન ગાડન સુધી ડામર રોડ કરાપેટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ ડ્રેનેજના ઢાંકણ પાસે રોડનું લેવલ કરવામાં આવ્યું છે.



રાહુલ ગાંધીએ શુક્રવારે રાયબરેલી લોકસભા સીટ પરથી ઉમેદવારી નોંધાવી હતી. આ દરમિયાન, સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને અશોક ગેહલોત હાજર રહ્યા હતા.

## લોકો વધુમાં વધુ મતદાન કરે તે માટે યોજના મતદાન કરનાર લોનધારકો પાસે લોનમાં ૧% ઓછું વ્યાજ લેવામાં આવશે

। (એજન્સી) વડોદરા, તા.૪ ।

ગુજરાતમાં મતદાન ના દિવસે લોકો વધુમાં વધુ મતદાન કરે તે માટે વડોદરા શહેરના બરાનપુરા સ્થિત આવેલ શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિમિટેડ દ્વારા એક નવી યોજના બહાર પાડવામાં આવી છે. જેમાં ખાસ કરીને તા.૭મે થી પાંચ દિવસ સુધી સભાસદોને ફિક્સ ડિપોઝીટ (એફ.ડી.)પર અડધો ટકા વધારો કરાશે, જ્યારે લોન મેળવનાર તથા તેમના જામીનદારોએ મતદાન કર્યું હશે તેવા લોનધારકો પાસે લોનમાં ૧% ઓછું વ્યાજ લેવામાં આવશે. આ અંગેની જાહેરાત અધ્યક્ષ ગૌરવ પવળે દ્વારા કરવામાં આવી છે. શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિ. પોતાની એક આગવી ઓળખ ધરાવે છે અને તેના પારદર્શી વહિવટ તથા સભાસદોના સાથે જ દેશ હિતના કાર્યોને ધ્યાનમાં રાખીને હવે મંડળીનો વિકાસ વિસ્તાર થયો છે. શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિ. ના અધ્યક્ષ ગૌરવ પવળેની કાર્ય સૂઝબૂઝ અને દીઘર્દ્રષ્ટિના પરિણામે હજારો સભાસદોએ શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિ. પર પોતાનો ભરોસો મૂકેલો છે.આ શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિ. પોતાના સભાસદોને પોતાના ભગવાન માને છે અને તેઓના હિતમાં સાથે જ દેશના હિતમાં સદા તત્પર રહે છે. ત્યારે છેલ્લા છ વર્ષથી દરેક ચૂંટણીમાં લોકશાહી પર્વના ઉત્સાહમાં વધારો થાય અને લોકો વધુને વધુ મતદાન કરે.

### સુરતમાં હાર્ટ એટેકથી લોકોની ચિંતા વધી

## સુરતમાં હાર્ટ એટેક મચાવ્યો કહેર, ૧૫૦ દિવસમાં થયા ૧૦૦થી વધુ લોકોના મોત

### સુરત શહેરની સિવિલ અને સ્મીર જ્યાં દરરોજ ૮-૧૦ લોકો ECG માટે આવતા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાતના સુરતમાં હાર્ટ એટેકથી લોકોની ચિંતા વધી છે. છેલ્લા ૧૫૦ દિવસમાં હાર્ટ એટેકના કારણે અચાનક ૧૩૮ લોકોના મૃત્યુના કારણે લોકોની ચિંતા વધી ગઈ છે. નવી મુંબઈ અને સ્મીર હોસ્પિટલોમાં દરરોજ ૧૦ થી ૧૦૦ લોકો ECG માટે આવે છે. આ અચાનક થયેલા મૃત્યુમાં મૃતકના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં લોહી ગંઠાઈ જવાને કારણે મોત થયું હોવાનું જાણવા મળ્યું છે.

છેલ્લા ૧૫૦ દિવસમાં જ શહેરમાં ૧૩૮ લોકોના અચાનક મોત થયા છે. જેના કારણે ખાસ કરીને યુવાનોમાં હાર્ટ એટેકનું જોખમ વધી ગયું છે. સુરત શહેરની સિવિલ અને સ્મીર જ્યાં દરરોજ ૮-૧૦ લોકો ECG માટે આવતા હતા. છેલ્લા કેટલાક દિવસોમાં આ સંખ્યા વધીને લગભગ ૧૦૦ થઈ ગઈ છે. એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે યુવાનોનું હૃદય સતત કમજોર થઈ રહ્યું છે. આ દિવસોમાં લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે તેની તેમના હૃદય પર અસર પડી રહી છે. જેના કારણે હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીઓ વધી રહી છે. અમેરિકન જર્નલ ઑફ ક્લિનિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક રિસર્ચમાં પ્રકાશિત અહેવાલ સૂચવે છે કે ૨૦૧૫ સુધીમાં ભારતમાં લગભગ ૬.૫ કરોડ લોકો હૃદય રોગથી પીડિત હતા. આશ્ચર્યની વાત એ છે કે આમાંથી લગભગ ૨.૫ કરોડ લોકો ૪૦ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના છે.

WHOનો લેટેસ્ટ રિપોર્ટ ભારતીયોને પણ ડરાવશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં હૃદય રોગના કારણે મૃત્યુની સંખ્યામાં ૭૫ ટકાનો વધારો થયો છે. રિપોર્ટ અનુસાર, માત્ર વર્ષ ૨૦૧૯માં જ વિશ્વભરમાં લગભગ ૧.૮૦ કરોડ લોકો હૃદયની બીમારીઓને કારણે મૃત્યુ પામ્યા છે. આમાંથી ૮૫ ટકા મૃત્યુ એકલા હાર્ટ એટેકને કારણે થાય છે.

### પોલીસ હેડક્વાર્ટરમાં પોલીસકર્મીએ પોતાના પર ફાયરિંગ કરી આપઘાત કર્યો

। (એજન્સી) ભરૂચ, તા.૪ ।

ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. ભરૂચ પોલીસમાં કમાન્ડો તરીકે ફરજ બજાવતા કિરીટ વણકરએ પોતાના વેપનની મદદથી ગોળીબાર કરી આપઘાત કરી લીધો છે. ઘટનામાં બે રાઉન્ડ ફાયરિંગ થયું હોવાનો અંદાજ છે. ઘટનાના પગલે સારવાર મળે તે પૂર્વેજ કિરીટભાઈ મૃત્યુ પામ્યા હતા. આત્મહત્યા પાછળનું કારણ હજુ અકબંધ છે. પોલીસકર્મીની આત્મહત્યાની વાત વહેતી થતા ઉચ્ચ પોલીસકર્મીઓ ઘટનાસ્થળે દોડી ગયા છે. નાયબ પોલીસ અધિક્ષક ગાંગુલી અને પોલીસ હેડ ક્વાર્ટરના અધિકારીઓ અને સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો છે.

### પ્રચારના અંતિમ દિવસો દરમિયાન કમર કસી લીધી

## બનાસકાંઠામાં ભાજપ અને કોંગ્રેસના મહિલા ઉમેદવારો વચ્ચે જંગ જબરદસ્ત જામ્યો

### શંકર ચૌધરીએ કોંગ્રેસના ઉમેદવારનું નામ લીધા વિના જ પ્રહાર કર્યા હતા વાવમાં એક કાર્યક્રમ દરમિયાન શંકર ચૌધરીએ પ્રહાર કર્યા હતા

। (એજન્સી) બનાસકાંઠા, તા.૪ ।

બનાસકાંઠામાં ભાજપ અને કોંગ્રેસના મહિલા ઉમેદવારો વચ્ચે જંગ જબરદસ્ત જામ્યો છે. આ માટે ભાજપ અને કોંગ્રેસે પ્રચારના અંતિમ દિવસો દરમિયાન કમર કસી લીધી છે. આ દરમિયાન વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ કોંગ્રેસના ઉમેદવારનું નામ લીધા વિના જ પ્રહાર કર્યા હતા. વાવમાં એક કાર્યક્રમ દરમિયાન શંકર ચૌધરીએ પ્રહાર કર્યા હતા.

બનાસકાંઠા જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ અંતિમ તબક્કામાં પ્રચારનો ધમધમાટ કર્યો છે. અંતિમ તબક્કા દરમિયાન ભાજપ દ્વારા કોંગ્રેસે પ્રચાર માટે કમર કસી લીધી છે. વાવમાં એક કાર્યક્રમ યોજાયો હતો અને જેમાં ઉપસ્થિત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ કોંગ્રેસના ઉમેદવાર પર પ્રહાર કર્યા હતા. વાવના બીયોક ગામે કાર્યક્રમમાં શંકર ચૌધરીએ કહ્યુ હતુ કે, લોકોને સરપંચમાંથી રાજીનામું આપીને ડેલિગેટ બનવું છે.શંકર ચૌધરીએ આગળ પણ કહ્યુ હતુ કે, ગામના સરપંચ હોય તો પણ તાલુકા પંચાયતના ડેલિગેટ બનવુ છે. ડેલિગેટ એટલે તાલુકા પંચાયતના સભ્ય, આમ તાલુકા પંચાયતના પ્રમુખ બનવા માટે ડેલિગેટ થવાય પરંતુ એતો વિષય જ નથી. આમ કહીને શંકર ચૌધરીએ ધારાસભ્ય ગેનીબેન ઠાકોરના સાંસદ માટેની ચૂંટણી લડવાને લઈ નામ લીધા વિના પ્રહાર કર્યા હતા. અગાઉ ગેનીબેને પણ શંકર ચૌધરીને નિશાન બનાવ્યા હતા. ડેલિગેટ એટલે તાલુકા પંચાયતના સભ્ય, આમ તાલુકા પંચાયતના પ્રમુખ બનવા માટે ડેલિગેટ થવાય પરંતુ એતો વિષય જ નથી. આમ કહીને શંકર ચૌધરીએ ધારાસભ્ય ગેનીબેન ઠાકોરના સાંસદ માટેની ચૂંટણી લડવાને લઈ નામ લીધા વિના પ્રહાર કર્યા હતા. અગાઉ ગેનીબેને પણ શંકર ચૌધરીને નિશાન બનાવ્યા હતા.

## દીકરી સાથે જ પિતાએ શરીરસુખ માણી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું

। (એજન્સી) સુરત, તા.૪ ।

સુરતના વરાછામાં સબંધોની ગરિમાને લાંછન લગાવતો કિસ્સો પણ સામે આવ્યો છે. વરાછામાં ૧૩ વર્ષની દીકરી સાથે સાવકા પિતાએ દુષ્કર્મ આચરતા પોલીસ ફરિયાદ થઈ છે. પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે વરાછા પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે વરાછા પોલીસ મથકમાં એક દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં ફરિયાદી મહિલાએ જણાવ્યું હતું કે પોતે વરાછા જગદીશ નગર ખાતે સાડીમાં સ્ટોન લગાડવાનું કામ કરે છે. થોડા સમય પહેલા તેનો પતિ અન્ય છોકરી સાથે ભાગી જતા મહિલા પોતાના બે સંતાનો સાથે સુરત આવી ગઈ હતી અને તેના ભાઈ ભાભી સાથે રહેતી હતી.

આ દરમિયાન તેની સાથે કામ કરતા રામેશ્વર આસારામ કુસ્વાહ સાથે પરિચય થતા દસેક વર્ષથી લગ્ન કરી લીધા હતા અને તેનાથી બે દીકરા હતા. મહિલા તેના પતિ સાથે અને ચાર સંતાનો સાથે રહેતી હતી. આ દરમિયાન તેના પતિ રામેશ્વર કુશવાહે તેની ૧૩ વર્ષની દીકરી સાથે શારીરિક અડપલા કર્યા હતા અને ચારથી પાંચ વખત શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું અને દીકરી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય પણ આચર્યું હતું. આ મામલે માતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી છે.હાલ પોલીસે રામેશ્વર કુસ્વાહની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ૯ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે સંકળાયેલા છે

## પ્રાકૃતિક ખેતી એ પરમાત્માની શ્રેષ્ઠ ભકિત છે : રાજ્યપાલ

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને સાળંગપુર ખાતે પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક તાલીમ સત્ર યોજાયું

। (એજન્સી) સાળંગપુર, તા.૪ ।

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી અને બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાન, સાળંગપુરના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને સાળંગપુર ખાતે પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક તાલીમ સત્ર યોજાયું હતું. કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ ઉપસ્થિતોને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે આ અવસરે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ એ માત્ર કૃષિ નથી; પર્યાવરણની રક્ષા, ગાયમાતાની સેવા અને સંવર્ધન, લોકોના સ્વાસ્થ્યની સુરક્ષા, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ પાછળ વેડફાતા નાણાંની બચત છે. દેશમાં પ્રવર્તમાન તમામ સમસ્યાઓનું સમાધાન પ્રાકૃતિક ખેતી પદ્ધતિ છે. પ્રાકૃતિક કૃષિએ



ઈશ્વરીય અને લોકોને ખુશી આપવાનું કાર્ય છે. આપણે સૌ સાથે મળીને ગુજરાતને ઝેરમુક્ત પ્રદેશ બનાવવાની દિશામાં સહિયારો પુરુષાર્થ કરીએ. રાજ્યપાલે જણાવ્યું હતું કે, ગ્લોબલ વૉર્મિંગ માટે ૨૪% રાસાયણિક ખેતી જવાબદાર છે. અત્યારે આપણે જોઈ રહ્યા છીએ કે, નાના બાળકોથી માંડી યુવાનોને અસાધ્ય રોગો થઈ રહ્યા છે. હવા અને પાણી પ્રદુષિત થયા છે, સમગ્ર વિશ્વના દેશોનું હવામાન ખરાબ થઈ રહ્યું છે. પરંતુ એક વાત સત્ય છે કે, કોઈ પણ કાર્ય કારણ વગર નથી થતું. ખાનપાન રુપે આપણાં શરીરમાં ધીમું ઝેર જઈ રહ્યું છે. આપણે જે ખોરાક લઈએ છીએ તે રોગને આમંત્રિત કરે છે. અત્યારના સમયમાં યુવાનોમાં મેદસ્વિતા વધી રહી છે અને પોષકતત્વો ઘટી રહ્યા છે ત્યારે સર્વ પ્રથમ આપણે આપણી ધરતીમાતાને સુપોષિત કરવી પડશે. રાજ્યપાલે રાજીપો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે , હાલ ગુજરાતના ૯ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે સંકળાયેલા છે. પ્રાકૃતિક ખેતી એ પરમાત્માની શ્રેષ્ઠ ભકિત છે.

પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષણ તાલીમ સત્રમાં ૭૦ જેટલી સંસ્થાઓના આગેવાનો તેમજ પ્રાકૃતિક કૃષિ કરતા ૨૦૦થી વધુ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે પ્રાકૃતિક કૃષિ તાલીમ સત્ર અંગેની પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ યજ્ઞપુરુષ વાડીની મુલાકાત લઈને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વિકાસ અને ગુણવત્તાની માહિતી મેળવી હતી.

તાલીમ સત્રમાં પૂ. જ્ઞાનેશ્વર સ્વામીજીએ સૌનો સત્કાર કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. સી. કે. ટીંબડીયા, પ્રાકૃતિક કૃષિ અભિયાનના રાજ્ય સંયોજક શ્રી પ્રફુલભાઈ સેંજલીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અક્ષય બુડાનિયા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કિશોરભાઈ બલોલિયા, ઉપરાંત આત્મા, ખેતીવાડી અને બાગાયત ખાતાના અધિકારીઓ-કર્મચારીઓ સહિત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.

### મુખ્ય નિર્વાચન અધિકારી સુશ્રી પી. ભારતીના હસ્તે કરાશે ફ્લેગ ઓફ, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ સમીક્ષા કરી

# લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ : અમદાવાદ જિલ્લો, અમદાવાદમાં આવતીકાલે રિવરફ્રન્ટ ખાતે યોજાશે ’રન ફોર વોટ’

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

આગામી તા.૭ મેના રોજ યોજાનાર લોકસભા સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય, તે દિશામાં ચૂંટણી તંત્ર દ્વારા ટર્નઆઉટ ઈમ્પ્લિટેશન પ્લાન () અંતર્ગત મતદાન જાગૃતિ માટે સઘન પ્રયાસો હાથ ધરાયા છે.

સમગ્ર રાજ્યની સાથે સાથે અમદાવાદમાં આવતીકાલે ૫ મીમેના રોજ સવારે ૬.૩૦ વાગ્યે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મતદાન જાગૃતિ અન્વયે ’રન ફોર વોટ’ કાર્યક્રમનું આયોજન કરાશે. રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી સુશ્રી પી. ભારતીના હસ્તે રન ફોર વોટને ફ્લેગઓફ અપાશે.

રન ફોર વોટના સફળ આયોજનના ભાગરૂપે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ રિવરફ્રન્ટ ખાતે તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં તેમણે ઉપસ્થિત સૌ અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશ કર્યો હતા. આ ઉપરાંત કાર્યક્રમને સફળ બનાવવા માટે જે-તે વિભાગના સબંધિત અધિકારીઓને જરૂરી સૂચન પણ કર્યા હતા.

રિવરફ્રન્ટ ખાતે યોજાનાર ’રન ફોર વોટ’ માં આશરે ૨૫૦૦થી વધુ યુવાનો જોડાઈને ’મતદાન જાગૃતિ’ અભિયાનનો નારો બુલંદ કરશે. ઈવેન્ટ સેન્ટર, અટલ બ્રિજથી પ્રસ્થાન થયેલ ’રન ફોર વોટ’ સ્પોર્ટ્સ સેન્ટર સુધી પહોંચશે અને ત્યાંથી અટલબ્રિજ પરત ફરશે.

આ સમીક્ષા બેઠકમાં અધિક નિવાસી કલેકટર શ્રી સુધીર પટેલ, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી નેહાબેન ગુપ્તા અને જે-તે વિભાગના સબંધિત અધિકારીઓ હાજર રહ્યા હતા...





## ન્યુઝ બોક્ષ

### સ્પિન એક્સ્ટ્રીમે પ્રાઇમ ટેબલ ટેનિસ સિઝન ૨ નું ટાઇટલ જીત્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સ્પિનએક્સ્ટ્રીમએ પ્રાઈમ ટેબલ ટેનિસ સીઝન ૨નું ટાઈટલ જીત્યું છે. ફાઈનલ મેચમાં, સ્પિનએક્સ્ટ્રીમ ક્લિપર્સપર ૬-પથીજીતીહતી. મહારાષ્ટ્રના પાલવા શહેરમાં ઓલિમ્પિક સ્પોર્ટ્સ સેન્ટર ખાતે ફાઈનલ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ૮ ટીમોના ટોપ ૫૬ ખેલાડીઓની ગજબની કુશળતા જોવા મળી હતી. પ્રાઈમ ટેબલ ટેનિસના CEO અભિષેક જૈને સ્પિનએક્સ્ટ્રીમને તેની અદ્ભુત જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે લીગની સફળતા અને સામેલ દરેકના ટીમવર્ક અને જુસ્સાની પ્રશંસા કરી. સ્પિનએક્સ્ટ્રીમ ના સિદ્ધેશ પાંડેએ પણ ટીમના સામૂહિક પ્રયાસને ઉજાગર કરતી વખતે તેમના સતત સમર્થન માટે તમામ કોચ અને સન્માનનો આભાર માન્યો હતો. સિદ્ધેશ પાંડેએ કહ્યું, 'ચેમ્પિયન બનવું એ પોતાનામાં જ મોટી વાત છે, ખાસ કરીને આવી કઠિન સ્પર્ધામાં. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ટીમના તમામ ખેલાડીઓનું શ્રેષ્ઠ પ્રદર્શન જોવા મળ્યું હતું. ટીમનો સામૂહિક પ્રયાસ પ્રશંસનીય હતો અને આ સમર્થનથી જ અમને જીતવામાં ખરેખર મદદ મળી. હું આ લીગ દરમિયાન સતત સમર્થન આપવા માટે તમામ કોચ અને ટીમ માલિકોનો આભાર માનું છું.ચેમ્પિયનશિપ મેચની પ્રથમ રમત મિક્સ ડબલ્સની હતી, જેમાં સ્પિનએક્સ્ટ્રીમના સિદ્ધેશ-માનસીએ ક્લિપર્સની ઝુબિન અને શ્રુતિની જોડીને હરાવ્યા હતા. ક્લિપર્સના પાર્થ મગરે ઈશાન ખાંડેકરને સાંકડા માર્જિનથી હરાવ્યો, જ્યારે સ્પિનએક્સ્ટ્રીમની નૈશા રેવાસ્કરે રિતિકા મધુર પર જીત મેળવી, સિંગલ્સમાં સખત સ્પર્ધા જોવા મળી. જેના કારણે સ્પિનએક્સ્ટ્રીમ ટીમ ૨-૧થી આગળ રહી હતી.

### નરેન્દ્ર મોદી નામાંકન ભરવા માટે ૧૩ મેના રોજ વારાણસી પહોંચશે



। (એજન્સી) વારાણસી, તા.૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશની વારાણસી લોકસભા બેઠક પરથી સાંસદ છે. ભારતીય જનતા પાર્ટીએ આ વખતે પણ વારાણસીથી પીએમ મોદીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. છેલ્લા તબક્કા દરમિયાન વારાણસીમાં મતદાન થવાનું છે, એટલે કે ૧ જૂને વડાપ્રધાન મોદીના મતવિસ્તારમાં મતદાન થશે. આવી સ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી નામાંકન ભરવા માટે ૧૩ મેના રોજ વારાણસી પહોંચશે. જોકે, તે બીજા દિવસે એટલે કે ૧૪ મેના રોજ નોમિનેશન ફાઈલ કરશે. આ પહેલા એટલે કે ૧૩ મેના રોજ પીએમ મોદી વારાણસીમાં એક વિશાળ રોડ શો કરશે. પીએમ મોદીના રોડ શોને લઈને ભાજપ ના કાર્યકરો ખૂબ જ ઉત્સાહિત છે અને તૈયારીઓ શરૂ કરી દીધી છે. વારાણસીના જિલ્લા મેજિસ્ટ્રેટ વતી આ લોકસભા ચૂંટણીમાં વારાણસી બેઠક માટે અગાઉની ચૂંટણીઓની સરખામણીમાં મતદાનની ટકાવારી વધારવા માટે કામ કરવાની અપીલ કરવામાં આવી છે. આ અંગે જોરશોરથી જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ડીએમએ કહ્યું કે ૮૫ વર્ષથી વધુ ઉંમરના મતદારો માટે, ફોર્મ ૧૨ડ ભર્યા પછી, મતદાન કર્મચારીઓ તેમના મત એકત્રિત કરવા માટે તેમના ઘરે જશે. દેશમાં લોકસભા ચૂંટણી માટે અત્યાર સુધીમાં બે તબક્કાનું મતદાન પૂર્ણ થયું છે. ત્રીજા તબક્કાનું મતદાન ૭ મેના રોજ થશે, જે અંતર્ગત દેશની ૯૪ બેઠકો પર મતદાન થશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પાર્ટીના ઉત્તર પ્રદેશ પ્રમુખ અજય રાય વારાણસી લોકસભા બેઠક પરથી પીએમ મોદી સામે મેદાનમાં છે. અજય રાય વારાણસી સીટ પરથી પીએમ મોદી સામે ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે. આ પહેલા ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં તેઓ મતોના જંગી અંતરથી હાર્યા હતા. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારાણસીમાં સાડા ચાર લાખથી વધુ મતોથી જીત્યા હતા.

### મસાલાને બગડતા અટકાવવા ઇથિલિન ઓક્સાઇડ ઉમેરવામાં આવે છે, પરંતુ વધુ માત્રામાં ઉમેરવામાં આવે તો તે કેન્સરનું કારણ બની શકે

# બજારમાં વેચાતા મસાલામાં ઈથિલિન ઓક્સાઈડ ઉમેરાતું નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

તાજેતરમાંદેશમાંબનતીકેટલીકપ્રોડકટની બનાવટ અંગે તેમજ તેમના વેચાણ અંગે પ્રશ્નો ઊભા થયા છે. તેથી પ્રોડકટ બનાવતી કંપની પર સંકટના વાદળો ઘેરાયા છે. થોડા સમય પહેલા દૂધમાં ભેળવવામાં આવતી પાવડર જેવી કે હોરલિકસ ,નેસ્લે સેરેલક્સમાં ખાંડની માત્ર વધુ હોવાના અહેવાલો પ્રસિદ્ધ થયા હતા જે અંગે વિવાદ ઊભો થયો હતો, હજુ આ વિવાદ ક્ષમ્યો નથી ત્યાં તો બીજો વિવાદ સામે આવ્યો છે. જેમાં ભારતમાં બનતા મસાલા વિદેશોમાં બેન કરવામાં આવ્યા છે, જેમાં MDHકંપની ના કેટલાક મસાલા તેમજ એવરેસ્ટ કંપનીના પણ કેટલાક સામેલ છે. જ્યારે ડાબર ઈન્ડિયા એ જણાવ્યું હતું કે તેઓ ભારતીય બજારમાં વેચાતા મસાલામાં



ઈથિલિન ઓક્સાઈડ ઉમેરતું નથી. કંપનીએ તેની એક્સચેન્જ ફાઈલિંગમાં આ વાત કહી છે. ડાબરે જણાવ્યું હતું કે તે નિર્ધારિત ધોરણો અનુસાર નિકાસ કરવામાં આવતા મસાલામાં મિશ્રિત છે.કંપનીનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે દેશની બે સૌથી મોટી મસાલા કંપનીઓ એવરેસ્ટ અને સ્ઢઉંને સિંગાપોર, હોંગકોંગ અને માલદીવની સરકારોએ તેમના ઉત્પાદનોના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. અમેરિકા અને ભારતની ફૂડ સેફ્ટી ઓથોરિટી તપાસ કરી રહી છે. ડાબરના સીઈઓ મોહિત મલ્હોત્રાએ કહ્યું, 'અમે નિર્ધારિત મર્યાદામાં છીએ. તેથી અમને લાગે છે કે અમે સુરક્ષિત છીએ. કંપનીએ કહ્યું કે નિકાસ બેચ માટે ઈથિલિન ઓક્સાઈડને બદલે સ્ટીમ સ્ટરિલાઈઝેશન કરવામાં આવશે. આ માટે માઈક્રો લેબ પણ બનાવવામાં આવી છે. કંપનીએ કહ્યું કે તેના મસાલા પોર્ટફોલિયો 'બાદશાહ બ્રાન્ડ'માંથી વેચાતા ડાબર મસાલા પર કોઈ પ્રતિબંધ નથી. મસાલાને બગડતા અટકાવવા માટે ઈથિલિન ઓક્સાઈડ ઉમેરવામાં આવે છે, પરંતુ જો વધુ માત્રામાં ઉમેરવામાં આવે તો તે કેન્સરનું કારણ બની શકે છે.

#### મોહિત મલ્હોત્રા (ડાબર CEO)નું નિવેદન

**હોંગકોંગના ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે MDH ગ્રુપના ત્રણ મસાલા મિક્સ - મદ્રાસ કરી પાઉડર, સંભાર મસાલા પાવડર અને કરી પાવડરમાં ઇથિલિન ઓક્સાઇડની ઊંચી માત્રા મળી આવી હતી. આ કાર્સિનોજેનિક જંતુનાશક એવરેસ્ટની ફિશ કરી મસાલામાં પણ મળી આવ્યું છે.સ્પાઇસ બોર્ડ એથિલિન ઓક્સાઇડને ૧૦.૭ સેલ્સિયસથી વધુ તાપમાને જ્વલનશીલ છે. તે જંતુનાશક, જંતુનાશક એજન્ટ તરીકે કામ કરે છે. તેનો ઉપયોગ મસાલામાં માઇક્રોબાયલ દૂષણ ઘટાડવા માટે થાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનની ઇન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર (છઇઝ્ર) એ ઇથિલિન ઓક્સાઇડને 'ગ્રુપ ૧ કાર્સિનોજેન' તરીકે વર્ગીકૃત કરે છે. તેનો અર્થ એ છે કે તે માનવોમાં કેન્સરનું કારણ બની શકે છે તે તારણ માટે પૂરતા પુરાવા છે. ઇથિલિન ઓક્સાઇડ લિમ્ફોમા અને લ્યુકેમિયા જેવા કેન્સરનું કારણ બની શકે છે. પેટ અને સ્તન કેન્સર પણ થઈ શકે છે.**

### દિલ્હી હાઈકોર્ટે દુષ્કર્મના એક કેસની સુનાવણીમાં કહ્યું

# લગ્ન થયા હોય કે નહીં પણ સહમતિથી બનેલા શારીરિક સંબંધ ખોટા ન ગણાય

**જાતીય અપરાધ સાથે સંકળાયેલા ખોટા કેસ આરોપીની છબી ખરાબ કરે છે : કોર્ટે પુરુષને જામીન આપી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

દિલ્હી હાઈકોર્ટે દુષ્કર્મના એક કેસની સુનાવણીમાં કહ્યું કે, જો બે પુખ્ત ઉંમરનાઓ પોતાની સહમતિથી શારીરિક સંબંધ બાંધે તો તેમણે ખોટું કામ કર્યું હોવાનું ન કહી શકાય. ન્યાયાધીશ અમિત મહાજને કહ્યું કે, જાતીય અપરાધ સાથે સંકળાયેલા ખોટા કેસ આરોપીની છબી ખરાબ કરે છે. આ કેસમાં કોર્ટે પુરુષને જામીન આપી દીધા છે. લાઈવ લૉના અહેવાલો મુજબ ન્યાયાધીશે કહ્યું કે, સમાજના માપ દંડો નિર્ધારીત કરે છે કે, આદર્શ રીતે લગ્ન થયા બાદ જ શારીરિક સંબંધો થવા જોઈએ. જો બે પુખ્ત વ્યક્તિઓએ લગ્ન કર્યા નથી અને તેમણી વચ્ચે સહમતિથી શારીરિક સંબંધ બંધાયા હોય તો તેમણે ખોટું કામ કર્યું હોવાનું ન કહી શકાય. કોર્ટે કહ્યું કે, આવા ખોટા કેસોથી આરોપીની છબી ખરડાય




છે અને વાસ્તવિક કેસ પરથી વિશ્વાસ પણ ઉઠી જાય છે. વાસ્તવમાં એક મહિલાએ આરોપ લગાવ્યો હતો કે, પુરુષે તેણી સાથે બળજબરીથી ઘણીવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા અને લગ્ન કરવાનું વચન પણ આપ્યું હતું. તેણીને પછીથી ખબર પડી કે, આરોપ ીના લગ્ન થયેલા છે અને તેને બે બાળકો પણ છે. મહિલાએ દાવો કર્યો કે, પુરુષ તેની પાસેથી ગિફ્ટ માંગતો હતો અને મહિલાએ તેને કથિત રીતે ૧.૫૦ લાખ રોકડ પણ આપ્યા છે. કોર્ટે કહ્યું કે, ઘટના બની ત્યારે મહિલા સગીર હતી. જમાનત વખતે એ મુદ્દો ના લાવી શકાય કે, લગ્નનું વચન આપ્યું હોવાથી સંમતિ પર અસર થઈ હતી. આ મુદ્દો તપાસનો વિષય છે. ફરિયાદ નોંધાવ્યા પડેલા પીડિતા થોડા દિવસો સુધી પુરુષ સાથે મુલાકાત કરતી હતી. યુવકના લગ્ન થઈ ગયા હોવાની જાણ થવા છતાં પીડિતાએ સંબંધો જાળવી રાખવા માંગતી હતી. કોર્ટે કહ્યું કે, જામીન પર વિચાર કરતી વખતે નિર્ણય કરવો કોર્ટ માટે સંભવ પણ નથી.

### સેન્સેક્સ ૭૩૮૭૮.૧૫ પર બંધ રહ્યો

# શેરબજારમાં રોકાણકારોએ ૨.૨૮ લાખ કરોડ ગુમાવ્યા

**નિફ્ટી ૫૦ ૨૨૭૯૪.૭૦ પોઈન્ટની રેકોર્ડ ટોચે પહોંચ્યા બાદ ૧૭૨.૩૫ પોઈન્ટ ઘટી ૨૨૪૭૫.૮૫ પર બંધ થયું**

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

શેરબજારમાં હેવી પ્રોફિટ બુકિંગના પગલે આજે સેન્સેક્સ એક તબક્કે ૧૬૨૭.૪૫ પોઈન્ટ તૂટ્યા બાદ અંતે ૭૩૨.૯૬ પોઈન્ટ ઘટાડે ૭૩૮૭૮.૧૫ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૫૦ ૨૨૭૯૪.૭૦ પોઈન્ટની રેકોર્ડ ટોચે પહોંચ્યા બાદ ૧૭૨.૩૫ પોઈન્ટ ઘટી ૨૨૪૭૫.૮૫ પર બંધ રહ્યો હતો. માર્કેટની અફરાતફરીમાં રોકાણકારોએ કુલ રૂ. ૨.૨૮ લાખ કરોડની મૂડી ગુમાવી છે. અંતિમ સેશનમાં કુલ ૩૦૦ સ્ક્રિપ્સ અપર સર્કિટ સાથે, જ્યારે ૨૩૭ સ્ક્રિપ્સ લોઅર સર્કિટ સાથે બંધ રહી હતી. કુલ ૨૫૬ શેરો વર્ષની ટોચે પહોંચવાની સાથે સ્ટોક સ્પેસિફિક સુધારો જોવા મળ્યો છે. ૧૮ શેરો વર્ષના તળિયે નોંધાયા હતા. બીએસઈ સાથે ટ્રેડેડ કુલ ૩૯૫૮માંથી ૧૫૩૮ શેરો સુધારા અને ૨૨૯૬ શેરો ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જે માર્કેટ બ્રેડ્થ નેગેટિવ દર્શાવે છે. સેન્સેક્સ પેકમાં સામેલ બજાજ ફાઈનાન્સ,



બજાજ ફિનસર્વ, M&M, SBI, ICICI બેંક અને ઈન્ફોસિસમાં ૦.૧૧થી ૦.૭૫ ટકા સુધીનો સુધારો નોંધાયો હતો. અન્ય તમામ ૨૪ સ્ટોકમાં ૨.૭૪ ટકા સુધી તૂટ્યા હતા. સેક્ટોરલ ઈન્ડાસિસમાં આજે માત્ર મેટલ અને હેલ્થકેર શેરોમાં સુધારા તરફી વલણ રહ્યુ હતું. મેટલ ૦.૮૧ ટકા અને હેલ્થકેર ૦.૧૫ ટકા સુધર્યા હતા. આ સિવાય ટેલિકોમ્યુનિકેશન્સ (૧.૪૨ ટકા), કેપિટલ ગુડ્સ (૧.૧૮ ટકા), રિયાલ્ટી (૧.૦૯ ટકા), સર્વિસિઝ (૧.૦૧ ટકા) તૂટ્યા હતા. માર્કેટ નિષ્ણાતના મતે રોકાણકારો હાલ મોટાપાયે પ્રોફિટ બુક કરી રહ્યા છે.



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું શિમલામાં આગમન પર હિમાચલ પ્રદેશના રાજ્યપાલ અને મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

# ટી-૨૦ અને વન-ડેમાં ટીમ ઇન્ડિયાનો દબદબો યથાવત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ICC ટેસ્ટ રેન્કિંગમાં ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. વાસ્તવમાં ભારતને પછાડીને ઓસ્ટ્રેલિયન ટીમ ICC ટેસ્ટ રેક્કિંગમાં ટોપ પર આવી ગઈ છે. જોકે, ભારતીય ટીમ વન-ડે અને ટી-૨૦ રેન્કિંગમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. ICC ODI અને ૨૦ રેક્કિંગમાં ટીમ ઈન્ડિયા ટોપ પર યથાવત છે, પરંતુ ટેસ્ટ ફોર્મેટમાં કાંગારૂઓએ ભારતને મોટો ઝટકો આપ્યો છે. ICC ટેસ્ટ રેક્કિંગમાં ઓસ્ટ્રેલિયા ૧૨૪ રેટિંગ પોઈન્ટ સાથે ટોચ પર છે. ભારતીય ટીમ ૧૨૦ રેટિંગ પોઈન્ટ સાથે બીજા




સ્થાને છે. આ રીતે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૪ રેટિંગ પોઈન્ટનો તફાવત છે. જ્યારે ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમ ૧૦૫ રેટિંગ પોઈન્ટ સાથે ઓસ્ટ્રેલિયા અને ભારત પછી ત્રીજા સ્થાને છે. દક્ષિણ આફ્રિકા ૧૦૩ રેટિંગ પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે. આ ટોપ-૪ ટીમો સિવાય બાકીની ટીમોના રેટિંગ પોઈન્ટ ૧૦૦થી ઓછા છે.

### રાહુલ ગાંધીની ઉમેદવારી પર ભાજપનો કટાક્ષ

# એવું લાગે છે જાણે અમે મતદાન પહેલા જ ચૂંટણી જીતી ગયા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે રાયબરેલી અને અમેઠીમાં પોતાના પત્તા ખોલી દીધાં છે. પાર્ટીએ રાયબરેલીથી રાહુલ ગાંધી અને અમેઠીથી કિશોરી લાલ શર્માને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. બંને નામોની યાદી આવી ગઈ છે. રાહુલ ગાંધી અત્યાર સુધી અમેઠીથી ચૂંટણી લડતા હતા. આ વખતે પાર્ટીએ તેમની બેઠક બદલી દીધી છે. કોંગ્રેસની લિસ્ટ આવ્યા બાદ કેન્દ્રીય મંત્રી અને ભાજપ નેતા ગિરિરાજ સિંહે કહ્યું કે ગાંધી પરિવાર જ્યાંથી હારે છે, ત્યાં ફરી આવતો નથી. જેમ કે અમેઠીને છોડી દીધુ. હવે રાયબરેલી હારશે તો આગામી વખતે રાયબરેલી છોડી દેશે. રાહુલ ગાંધીની રાયબરેલીથી ઉમેદવારી પર ભાજપના રાષ્ટ્રીય સચિવ મનજિંદર સિંહે કહ્યું કે રાહુલ ગાંધી વાયનાડથી હારી રહ્યા છે અને આ કારણ છે કે તે રાયબરેલીથી ચૂંટણી લડવા જઈ રહ્યા છે. પહેલા તેમણે અમેઠીથી હાર સ્વીકારી હવે તે વાયનાડથી ભાગી રહ્યા છે. સ્થિતિ એ



છે કે કોંગ્રેસની પારંપરિક બેઠક રહી ચૂકેલી અમેઠીથી કોંગ્રેસના કોઈ પણ વ્યક્તિ ચૂંટણી લડવા માગતા નથી.

રાહુલ ગાંધીને પણ રાયબરેલી છોડવુ પડશે અને જનતા તેમને ખૂબ આકરો જવાબ આપશે, તે રાયબરેલીમાં હારશે. હરિયાણાના પૂર્વ ગૃહ મંત્રી અનિલ વિજે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યુ, સ્મૃતિ ઈરાનીને શુભકામના, રાહુલ ગાંધી અમેઠીથી ચૂંટણી લડવાથી ડરી ગયા છે. ઉત્તર પ્રદેશના ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠકે કહ્યું કે આ લોકો પલાયન કરતા રહે છે. આ રણછોડ દાસ લોકો છે. પ હેલા અમેઠીથી વાયનાડ ગયા અને હવે રાયબરેલી ભાગી ગયા છે. એવું લાગે છે જાણે અમે મતદાન પહેલા જ ચૂંટણી જીતી ગયા. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ કહ્યું, 'રાહુલ જી, તમે કહ્યુ હતુ 'ડરો નહીં' અને હવે કહી રહ્યા છો 'અમેઠીથી લડો નહીં'. કોંગ્રેસે પુષ્ટિ કરી દીધી છે કે તેમણે આત્મસમર્પણ કરી દીધુ છે અને ભાગી ગયા છે. આટલા વર્ષો સુધી અમેઠીને દગો આપ્યા બાદ, તે વાયનાડ ગયા. તે વાયનાડને પણ દગો આપી રહ્યા છે. તે વાયનાડની સાથે 'ઉપયોગ કરો અને ફેંકી દો' કરી રહ્યાં છે. તેમને લાગે છે કે આ સુરક્ષિત બેઠક છે.

ઉત્તર પ્રદેશમાં ભાજપ માટે ૮૦/૮૦ અને સમગ્ર દેશમાં એનડીએ માટે ૪૦૦ સ્કોરકાર્ડ હશે. ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદે કહ્યુ કે રાયબરેલીમાં રાહુલ ગાંધીને અમેઠી કરતાં પણ મોટી હાર મળવાની છે. કોંગ્રેસને જે સર્વે-સર્વા સમજતાં હતાં, તે રાયબરેલીમાં છે અને એસપીના અખિલેશ યાદવ કન્નૌજમાં છે, આ ઘણું રસપ્રદ છે.

### પતિ વિરુદ્ધ નોંધાયેલી એફઆઈઆર રદ કરી

# 'લગ્નમાં અકુદરતી સંબંધો ગુનો નથી...' :હાઈકોર્ટે

**આરોપી વ્યક્તિએ તેની પત્નીની ફરિયાદ પર તેની સામે નોંધાયેલ એફઆઈઆર રદ કરવા માટે મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં અરજી કરી હતી**




। (એજન્સી) ભોપાલ, તા.૪ ।

મધ્યપ્રદેશ હાઈકોર્ટે (મધ્ય પ્રદેશ હાઈકોર્ટ) એક પુરુષ વિરુદ્ધ તેની પત્ની દ્વારા અકુદરતી સેક્સ કરવાનો આરોપ લગાવીને દાખલ કરવામાં આવેલી એફઆઈઆર રદ કરી છે. ચુકાદો આપતી વખતે કોર્ટે કહ્યું કે આ કાનૂની અપરાધ નથી કારણ કે મહિલાએ તેની સાથે લગ્ન કર્યા હતા.જસ્ટિસ જીએસ અહલુવાલિયાની સિંગલ બેન્ચે જણાવ્યું હતું કે કાયદેસર રીતે પરિણીત પત્ની સાથે પતિ દ્વારા અકુદરતી જાતીય સંભોગ આઈપીસીની કલમ ૩૭૭ હેઠળ ગુનો ગણાતો નથી તેવા નિષ્કર્ષ પર આવ્યા પછી, કોર્ટનો અભિપ્રાય છે કે તે વધુ વિચારણાને પાત્ર છે. તે જરૂરી નથી કે એફઆઈઆર વ્યર્થ આરોપોના આધારે દાખલ કરવામાં આવી છે કે નહીં. મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા બુધવારે આ આદેશ જારી કરવામાં આવ્યો હતો અને ગુરુવારે તેની માહિતી વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી હતી. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, "અત્યાર સુધી વૈવાહિક બળાત્કારને માન્યતા આપવામાં આવી નથી. તેથી, પોલીસ સ્ટેશન કોતવાલી, જબલપુરમાં નોંધાયેલ ગુના નંબર ૩૭૭/૨૦૨૨ માં અરજદાર (પતિ) વિરુદ્ધ એફઆઈઆર અને ફોજદારી કેસ રદ કરવામાં આવે છે.

## તંત્રી લેખ...

# જીવન એક થિયેટર છે અને અમે આ થિયેટરના કલાકારો

જીવન એક રમત છે, જેની હાર-જીત તો આપણા હાથમાં નથી, પરંતુ તેને રમવું ચોક્કસ આપણા નિયંત્રણમાં છે. આત્મવિશ્વાસુ વ્યક્તિ હાર અને જીતની ફિકર કર્યા વિના પોતાના પ્રબળ વિશ્વાસથી આ રમતમાં વિજયી થાય છે. જીવન બહુ ટૂંકું છે, પરંતુ સંસારમાં કામ બહુ છે. એવી સ્થિતિમાં નિશ્ચયાત્મક વૃત્તિથી પોતાની ક્ષમતા વધારી શકાય છે. દૃઢ નિશ્ચયવાળા માટે પ્રકૃતિ પણ રસ્તો બનાવી દે છે. સફળતા એમને જ પ્રાપ્ત થાય છે, જે સંશયથી પર રહીને પોતાના લ-ય પર અડગ રહે છે. બીજાની વાતોને ગૌણ કરીને ખુદના વિશ્વાસને પ્રમુખતા આપે છે. ખુદ પર વિશ્વાસ જ આપણી જીવન નૈયા પાર લગાવવાનો આધાર છે. આપણે આપણી વિવેચન શક્તિથી પ્રત્યેક સ્થિતિની સમીક્ષા કરી શકીએ છીએ. વિષમ સ્થિતિથી નીકળવા માટે યોજના બનાવી શકીએ છીએ. આપણી પાસે શક્તિ અને સાધનોની ઉણપ નથી, ઉણપ છે તો પ્રાપ્ત સંસાધનો અને ઉપલબ્ધ શક્તિનો આત્મવિશ્વાસથી ઉપયોગ કરવાની. વાસ્તવિકતા તો એ જ છે કે આપણે આપણી ક્ષમતાઓ પ્રત્યે સજાગ જ નથી રહેતા. ઉત્પાદક શક્તિનો નિયમ છે કે કોઈપણ કાર્યમાં તથા તેને કરવા માટે આપણા મનોભાવોમાં ભારે ઊંડો સંબંધ હોય છે. એક લોકોક્તિ છે કે ધૂનના પાકા માણસ માટે દરેક કામ આસાન થઈ જાય છે. વિશ્વાસનો સ્રોત આપણું મન છે અને મનમાં સ્થિત આપણી આત્મશક્તિ આપણને ઊર્જા આપે છે. એવામાં આપણે જે કાર્યને દૃઢતાપૂર્વક કરીએ તો તે નિશ્ચિત રૂપે સફળ થશે. મનોવિજ્ઞાનનું પણ કહેવું છે કે આપણે એ જ કામ કરવું જોઈએ, જેને લઈને આપણને આપણી ક્ષમતા પર વિશ્વાસ હોય. જેમ ચિકિત્સક અને ઔષધિ પર વિશ્વાસ છે તો પ્રભાવ પણ બેગણો દેખાય છે. એવી જ રીતે આત્મવિશ્વાસ જાગી જાય તો અસહાય અને અશક્ત પ્રાણી પણ અસંભવ લાગતાં કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી બતાવે છે. મનોબળ જેટલું વધારે હશે, એટલો આપણો સંબંધ આત્માની અનંત શક્તિ સાથે ઘેરો બનતો જાય છે. જીવન એક થિયેટર છે અને અમે આ થિયેટરના કલાકારો છીએ. દરેક વ્યક્તિ જીવનને તેના દ્રષ્ટિકોણથી જુએ છે. કેટલાક કહે છે કે જીવન એ એક રમત છે, કોઈ કહે છે કે જીવન એ ભગવાન દ્વારા આપવામાં આવેલી ભેટ છે (જીવન એક ઉપહાર છે), કોઈ કહે છે કે જીવન એક યાત્રા છે, કોઈ કહે છે કે જીવન એક દોડ છે. અમે આજે "જીવન" વિશે અમારા વિચારો શેર કરી રહ્યા છે. અને જીવન શું છે તે તમને કહેવાનો પ્રયત્ન કરીશુ. માણસનું જીવન રમત નો એક પ્રકાર છે.

## વધારે પગાર કે ગમતી નોકરી : આપણે શું પસંદ કરવું જોઈએ?



નોકરી પસંદ કરવામાં પગારનું મહત્વ કેટલો હોય છે તે પ્રશ્નનો જવાબ આપે છે અને કોઈની પ્રવૃત્તિની સાચી કિંમત કેવી રીતે આંકવી જોઈએ તે બતાવે છે. તમે કેટલા મૂલ્યવાન છો તે માત્ર તમને કેટલી ચૂકવણી કરવામાં આવે છે તેનાથી નક્કી નથી થતું. તમારા મૂલ્યનું મૂલ્યાંકન તમને શું જવાબદારીઓ આપવામાં આવી છે તેના આધારે કરવું જોઈએ. વિશેષાધિકાર એ તમે મેળવેલા પૈસા નથી, વિશેષાધિકાર એ છે કે તમને કંઈક બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. પૈસા આપણા અસ્તિત્વને ટકાવી રાખવા માટેનું એક સાધન છે, અને તે એ હદ સુધી જ જરૂરી છે. જો કે, તમને જે કરવાનું કહેવામાં આવે છે તેના સંદર્ભમાં તમારે હંમેશાં પોતાનું મૂલ્યાંકન કરવું આવશ્યક છે. તમને આપવામાં આવતી જવાબદારીનું એ કયું સ્તર છે? તમારા માટે અને તમારા આસપાસના દરેક માટે ખરેખર કંઈક યોગ્ય બનાવવાની તમારી પાસે કઈ તક છે? તમે વિશ્વમાં જે પણ કાર્ય કરો છો તે તમારા માટે ખરેખર યોગ્ય છે, જો તમે લોકોના જીવનને ઉંડે સ્પર્શ કરી શકશો. ઉદાહરણ તરીકે, જો તમે કોઈ ફિલ્મ બનાવતા હોવ, તો શું તમે કોઈ એવી ફિલ્મ બનાવવા માંગો જેને કોઈ જોવા ન ઈચ્છે? અથવા એવું મકાન બનાવો કે જેમાં કોઈ પણ રહેવા ન માંગે? તમે એવું કંઈક ઉત્પન્ન કરવા નહીં માંગો જેનો કોઈ ઉપયોગ ના કરે, કારણ કે કોઈક રીતે, તમે લોકોના જીવનને સ્પર્શ કરવા માટે ઉત્સુક છો. જો તમે નજીકથી જુઓ, તો તમને દેખાશે કે તમને એવી જ પ્રવૃત્તિ જોઈએ છે જેનાથી તમે લોકોના જીવનને સ્પર્શી શકો છો. ઘણા લોકો તેમના જીવનને કામ અને કુટુંબમાં વહેંચવાનો પ્રયાસ કરે છે, જ્યાં કાર્ય તમે ફક્ત પૈસા માટે કરો છો, અને કુટુંબ એ જે તમે લોકોના જીવનને સ્પર્શવા માટે કરો છો. પરંતુ આ પાસાને ફક્ત પોતાના પરિવાર સુધી મર્યાદિત રાખવાની જરૂર નથી. તે જીવનના દરેક ક્ષેત્રમાં પોતાને વિસ્તૃત કરી શકે છે. તમે જે પણ કરો તે લોકોના જીવનને સ્પર્શવું જોઈએ. તે જ છે જે ખરેખર મહત્વનું છે. તમે લોકોના જીવનને કેટલા ઉંડાણપૂર્વક સ્પર્શો છો તેના પર નિર્ભર છે કે તમે જે કરો છો તેમાં તમારો કેટલો સમાવેશ છે. જો તમે ઉંડાણપૂર્વક સામેલ છો, તો કુદરતી રીતે તમે જે પ્રકારે કામ કરશો તે ખૂબ જ અલગ હશે, અને તમને તમારી ક્ષમતાઓ અનુસાર ચૂકવણી કરવામાં આવશે. કેટલીકવાર તમારે થોડો સોદો કરવો પડશે અથવા વધારા માંગવો પડશે, સંભવતઃ તમારી કંપનીને આ બાબતો વિશે યાદ અપાવવાની જરૂર છે. પરંતુ સામાન્ય રીતે, જો લોકો તમને તે ચોક્કસ વ્યવસાય અથવા કંપની માટેના તમારા મૂલ્યની અનુભૂતિ કરશે, તો તેઓ તે મુજબ ચૂકવણી કરશે. આપણે નિગમોની સ્થાપના કરી છે જેથી આપણે વ્યક્તિગત રૂપે જે ન કરી શકીએ તે આપણે સામૂહિકરૂપે મેળવી શકીએ. આપણે બધું વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો તરીકે સંચાલિત કરી શકતા- તે રીતે આપણે પહેલા સંચાલિત કરતાં હતા. દરેક જણ કોઈ ચીજવસ્તુના ઉત્પાદક અને વેપારી હતા. પરંતુ જ્યારે આપણે હજારો લોકોની ઈચ્છાને એક દિશામાં એકસાથે રાખવા તૈયાર થઈએ ત્યારે તે કંઈક મોટું સિધ્ધ કરવું એ નિગમનું કાર્ય છે. તમારું વાસ્તવિક મૂલ્ય જવાબદારી અને વિશ્વાસના સ્તરમાં છે જે આ કોર્પોરેશનમાં મૂકવામાં આવ્યું છે.

**ભારતીય સમાજ ચાર મુખ્ય વર્ણવ્યવસ્થાના ખભા પર ઉભો છે, અને આજે હવે એ બાબત તો દરેકે દરેકનું સરખું જ મહત્વ છે**

# ક્ષત્રિયો તો માઈ બાપ કહેવાયાં છે! છોરું કછોરું થાય પણ માવતર કમાવતર કદી ન થાય! શું આ સત્ય નથી?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણે સૌ જાણીએ છીએ કે બ્રાહ્મણ સમાજનું કર્તવ્ય એ સમાજને શિક્ષિત કરવા કે જ્ઞાન આપવા તેમજ ધર્મ તરફ દોરવા માટેનું છે! એ જ રીતે ક્ષત્રિય સમાજનું કર્તવ્ય દેશનું તેમજ સમાજનું રક્ષણ કરવાનું છે, અને એટલે જ તેમનામાં શૂરવીરતા અને સાહસના ગુણ હોય છે!**

હમણાં તો લોકસભાની ચૂંટણી એ સમગ્ર સમાજ માટે ચર્ચાનો મુદ્દો છે, અને જ્યાં જુઓ ત્યાં લોકસભાની ચૂંટણીનાં પ્રચારો ચાલી રહ્યા છે. આચાર સંહિતા ફક્ત જનતા માટે જ હોય, એમ નેતાઓ પ્રવચન કરી રહ્યા છે. અત્યાર સુધી સોશિયલ મીડિયા પર અનેક પ્રકારના પ્રતિબંધો હતાં, પરંતુ એમણે પણ હવે આ આચાર સંહિતાનો આંચળો ઉતારી ફેંક્યો હોય, એમ જાતજાતના વિડીયો, ઓડિયો મેસેજો, તેમજ રીલ વાઈરલ થાય છે. દરેક દાવેદારને ચૂંટણીમાં જીતવું છે, અને એવી આશા હોય એ બહુ સ્વાભાવિક છે. પરંતુ પોતે જ યોગ્ય છે, એવું સાબિત કરવા માટે સામે વાળો અયોગ્ય છે, એ વાત કરવી અને એ પણ આ રીતે ગમે તેવી ભાષામાં! એ બિલકુલ યોગ્ય નથી, અને એને કારણે આખો માહોલ ડોહળાઈ ગયો છે. મૂળમાં પોતાની યોગ્યતા પોતાની વર્તણૂક અને આચરણથી બનાવવાની હોય છે, એ ભારતીય સમાજ ભૂલતો જાય છે, અને એમાં પણ રાજકારણનું ક્ષેત્ર તો જાણે કબ્બડીનું મેદાન હોય, એમ એકાબીજાના ટાંટિયા ખેંચે છે. એટલે એમ કહી શકાય કે ચૂંટણી નામનો ઢોલ વાગ્યાં પહેલા જ ફસકાઈ ગયો હોય, એમ સૌ વિચલિત થઈ ઉઠ્યા છે. આજનાં જ એક સમાચાર મુજબ રંગીલા રાજકોટને વર્ગ વિગ્રહમાં ધકેલાયું, એવો એક નેતાનો દાવો છે! લાકડું કાચું સળગાવી એ તો પ્રથમ ધૂમાડો થાય! અને આમ એકના પ્રવચનથી આખા ગુજરાતમાં અત્યારે ધૂમાડો થઈ રહ્યો છે! ઠેર ઠેર આકરાં પ્રવચનો થઈ રહ્યા છે, અને એ નિશ્ચિત સમાજની જનતા ને સંબોધીને મતદાનના વિરોધ માટે પ્રવચનો કરે છે. ધૂમાડામાં આંખ ખુલી રાખવી શક્ય નથી! એમ ધૂમાડો ઘણીવાર સાચું જોવા દેતો નથી, અને બસ આજ પરિસ્થિતિ આજે ગુજરાતની છે! કે એની સામેની સચ્ચાઈ એને દેખાતી નથી. કોઈપણ નેતા ચૂંટણી પ્રવચનો મતદાતાને પોતાના પક્ષ તરફ ખેંચવા થતાં હોય છે, એ વાત સાચી. પણ જ્યારથી ચૂંટણીના પ્રવચનો આમ જુદા જુદા સમાજને સંબોધીને કરવાની શરૂઆત થઈ, ત્યારથી એક સમાજને ખુશ કરવા બીજા સમાજનું ખરાબ બોલવું એ શરું થયું! પહેલાં તો જાહેર જનતાને જ સંબોધવામાં આવતી, અને એમાં જ દરેક વર્ગ અને વર્ણ બેઠા હોય! એને ખાલી પોતાના પક્ષની વિશિષ્ટતા અને વધીને વિપક્ષની નબળાઈ કહેવાની હોય. એટલે સીસ્ટમમાં જ ખોટ છે! કે એકને ખુશ કરવા બીજાને નાખુશ કરવા! શું આ જરૂરી છે? ભારતીય સમાજ ચાર મુખ્ય વર્ણવ્યવસ્થાના ખભા પર ઉભો છે, અને આજે હવે એ બાબત તો દરેકે દરેકનું સરખું જ મહત્વ છે. એટલે સમાજમાં અસ્પૃશ્યતા નિવારણ થઈ ચૂક્યું છે! આજે હવે દરેકને સરખું મહત્વ આપતી નીતિઓ બની ચૂકી છે! પણ આપણે સૌ જાણીએ છીએ કે બ્રાહ્મણ સમાજનું કર્તવ્ય એ સમાજને શિક્ષિત કરવા કે જ્ઞાન આપવા તેમજ ધર્મ તરફ દોરવા માટેનું છે! એ જ રીતે ક્ષત્રિય સમાજનું કર્તવ્ય દેશનું તેમજ સમાજનું રક્ષણ કરવાનું છે, અને એટલે જ તેમનામાં શૂરવીરતા અને સાહસના ગુણ હોય છે! વણિક વર્ગ ધંધા વેપાર દ્વારા લોકોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરી અને એ રીતે સંતુલિત રાખવા પ્રયત્ન કરે છે. જ્યારે સેવક વર્ગ પોતાને ભાગે આવતી સેવાઓથી અન્યના જીવનમાં સુવિધા પૂરી પાડે, એ તેમનું કર્તવ્ય છે, પરંતુ આજે હવે એ દોર રહ્યો નથી. પણ ક્ષત્રિય ધર્મ મુજબ એમનું સૌથી પહેલું કર્તવ્ય મા ભોમની રક્ષાનું છે! તો ક્ષત્રિય તો પ્રજાના માઈ બાપ કહેવાય! એમણે પ્રજાના બોલ્યા સામે જોઈ અને જન્મભૂમિ તરફનું દાયિત્વ ભૂલવું શું એ યોગ્ય છે! આપણી એક ભૂલ કેટલું મોટું અને ભયંકર પરિણામ આપી શકે છે, એ આપણે સૌ જાણીએ છીએ! આખેઆખો દેશ અંગ્રેજોના હાથમાં ચાલ્યો ગયો હતો. ફરીથી એ ભૂલ ન થાય! આપણે ત્યાં સુભાષિત છે, કે છોરું ક છોરું થાય, પણ માવતર કમાવતર કદી ન થાય! બસ આ એક જ વાતને ધ્યાનમાં રાખીને પ્રજાના માઈ બાપ એ દેશનું અહિત થતુ બચાવવું પડશે! શું આપણો અહમ એટલો મોટો છે કે, એની આગળ દેશની કોઈ વિસાત નથી! આ રીતે વિચારીને યોગ્ય ને જ મત આપવો પડશે. ઘણીવાર એવું થતું હોય છે કે, જે કોઈ ઘટના ઘટવાની હોય, એની માટે કોઈને કોઈ નિમિત્ત બનતા હોય છે. જેમ કે પ્રભુ શ્રીરામના વનવાસ માટે મંથરા અને કૈકેયી નિમિત બન્યા હતા! તો ક્યારેક એવું થતું હોય છે કે, સમગ્ર વિશ્વના કલ્યાણ માટે ખુદ મા સરસ્વતી જીભે બિરાજમાન થાય છે, અને બોલવા કંઈક માંગતા હોય, અને બોલાઈ જાય કંઈક! જેમકે કુંભકર્ણે ખૂબ જ આકરી તપસ્ચર્યા કરી અને બ્રહ્માજી પ્રસન્ન થયાં, ત્યારે તેણે વરદાન માગવા કહ્યું અને કુંભકર્ણ ઈન્દ્રાસન માંગવા જતો હતો, ત્યાં જ મા સરસ્વતીએ તેને નીંદ્રાસન બોલાવી દીધું! એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે ઘણીવાર પરિસ્થિતિ આપણા કાબુમાં નથી હોતી! કોઈ વાર કોઈ ન બોલવું જોઈએ એવું બોલી નાખે તો એને સૃષ્ટિએ એની માટે નિમિત્ત બનાવ્યા એમ માની એને માફ કરી, આપણે આપણું કર્તવ્ય કરવું જોઈએ! ચૂંટણી છે એટલે એક વાત તો પાકી જ છે કે, એક પક્ષ જીતશે અને બાકીનાં હારશે! આ સત્ય જનતા પણ જાણે છે, અને ચૂંટણીમાં ઊભા રહેનાર દરેક દાવેદાર સદસ્ય પણ જાણે છે, કે કોઈને કોઈની હાર નિશ્ચિત છે! પણ આ હારજીત નો મામલો છે, એટલે એનો મતલબ એ નથી કે આ કોઈ રમત છે! આમાં આખાં દેશની પ્રજાના દાયિત્વને ઉઠાવવાની વાત છે! ભારત દેશની આટલી મોટી આબાદીને સંતુલિત રાખવાની વાત છે! એમની પ્રાથમિકતા અને આરોગ્ય વિશે વિચારીને કંઈક પ્રયાસ શકવાની વાત છે! આ ઉપરાંત વિશ્વ આખું જ્યારે સ્પર્ધાત્મક યુગમાં જીવતું હોય, ત્યારે એમની સાથે કદમ મેળવીને આપણે પણ વિકાસ સાધવાનો છે, તો આ બધું જે દાવેદાર સરકાર કરી શકે! એને મત આપવો એ જનતાની ફરજ છે. મતદાન કરતી વખતે દરેક નાગરિકને જે તે સદસ્ય પર પૂર્ણ ભરોસો હોવો જોઈએ કે, આ મારા દેશનું અંદર બહાર બંને જગ્યાએ રક્ષણ કરી શકશે, અને આપણી સનાતન સંસ્કૃતિને અનુરૂપ દેશની રાજનીતિ ઘડશે. હિન્દુ સનાતન ધર્મ અનુસાર આપણી ગરિમા જળવાઈ રહે! સમાજમાં બેન બેટીઓ ખુલ્લેઆમ ફરી શકે! અને દેશ જ્યારે અત્યારે મહત્વના એટલે કે બદલાવની ભૂમિકા તરફ આગળ વધી રહ્યો છે, તો જે આપણા દેશને બધી રીતે વધુને વધુ તાકાતવાન બનાવી શકે! જેમ કે આપણી સીમાઓ હવે સુરક્ષિત થતી જાય છે! વિશ્વના અન્ય દેશો આપણી દેશની અંદર શું થઈ રહ્યું છે, એની નોંધ લેવા આપણી તરફ દ્રષ્ટિ કરતા થયા છે! વિશ્વમાં ભારત અત્યારે સૌના મિત્ર તરીકેની છાપ ઉપસાવી રહ્યું છે, સમગ્ર વિશ્વ વસુધૈવ કુટુંબકમના ઉચ્ચ વિચાર સાથે સંમત થતું જાય છે, અને પ્રકૃતિ તરફ નજર કરીશું તો જ શાંતિ છે, એ વાત પર સંમત થતું જાય છે. આ મોડ પર આપણો દેશ પહોંચી ચૂક્યો હોય, ત્યારે બે બાંખડે એમાં ત્રીજો ફાવે એવું થવા દેવું એ બિલકુલ યોગ્ય નથી! અને જો થશે તો આ સુવર્ણ સમય રેતની જેમ આપણા હાથમાંથી સરકી જશે! અને પછી આપણે હવાતિયાં મારવા સિવાય બીજું કંઈ જ કરી શકીશું નહીં! માટે બધા જરૂરથી મતદાન કરજો અને કોને કરવું જોઈએ! એ પણ એકવાર અવશ્ય વિચારજો. જય હિન્દ.



**કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર વગેરે દોષો ઓછા અને તેની જગ્યા એ સંયમ, નિયમ, ત્યાગ, સત્યનિષ્ઠા સ્ફૂર્તિ વગેરે ગુણોનો સંચાર થાય છે**

# મારા કુકર્મની સામે બીજું કોઈ એવું સતકર્મ કે પુણ્ય કામ આવતું નથી, એ તો પછી ઈશ્વર પર જ નિર્ભર છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કાળક્રમે ભોગોમાં ફસાઈ અથવા અંદરઅંદર ઝગડી દેશનું પતન થયું ત્યારે થોડાક ગાયત્રીના પ્રભાવથી બીજાં રાષ્ટ્રોની માફક તેનો જડ મૂળથી નાશ થયો નહીં.**

ચિંતન મનન થકી હૃદય મનમાં અનોખી તાજગી ભરવાનો પ્રયાસ કરીએ. શરીર અને મનમાં સતોગુણની માત્રા વધવાથી બીજા અનેક લાભ થવા માંડે છે.અમારા અંતર જગત થી તમોગુણ અને રજોગુણ ને હટાવી તેના સ્થાને સત્ તત્ત્વનું વધવું એવું છે, જેમ શરીરમાં ભરાયેલા રોગ, મળ, ઝેર અને વિજાતીય પદાર્થોને ઘટાડી તેના સ્થાને શુદ્ધ, સજીવ રક્ત અને વીર્યની માત્રાને વધવા દેવી. આ પરિવર્તન કદાચ આપણને પ્રત્યક્ષ જણાય નહીં પણ તેનો પ્રભાવ આપણા શારીરિક સ્વાસ્થ્ય ઉપર સ્પષ્ટરૂપે જણાય છે. ગાયત્રી દ્વારા સતોગુણની વૃદ્ધિ થવાથી નીચ શ્રેણીનાં તત્ત્વોનું નિવારણ થાય છે અને તેનાથી સાધકનો સૂક્ષ્મ કાયાકલ્પ થાય છે. તેનો પ્રભાવ આપણા મન અને વિચારો ઉપર પડે છે અને ઈન્દ્રિયો ના ભોગોની હાનિકારક લાલસા મંદ પડતી જાય છે. શરીરની જેમ માનસિક ક્ષેત્રમાં સતોગુણની વૃદ્ધિથી અભૂતપૂર્વ ઉન્નતિ થતી જાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર વગેરે દોષો ઓછા થવા લાગે છે. તેની જગ્યા એ સંયમ,નિયમ,ત્યાગ,સત્યનિષ્ઠા સ્ફૂર્તિ વગેરે ગુણોનો સંચાર થવા લાગે છે.આ પરિવર્તન ના ફળથી જીવનમાં દરરોજ અનુભવ થતાં દુ:ખોથી મોટેભાગે છુટકારો મળે છે. વિદ્યા,બુદ્ધિ અને વિવેક જાગૃત થવાથી અનેક પ્રકારની ચિંતાઓ ભય, આશંકા, મોહ, મમતા વગેરે. મનોવિકારોમાં ઘટાડો થવા લાગે છે. ધર્મપ્રવૃત્તિની વૃદ્ધિના ફળથી અન્યાય અને અનાચારથી ચિત્ત- વૃત્તિ ઘટવા લાગે છે. આ પ્રકારે શારીરિક અને માનસિક બંને ક્ષેત્રોમાં સત્ તત્ત્વની વૃદ્ધિ થવા લાગે છે અને સાધકજાતે સાંસારિક દુર્ગુણો થી દૂર જઈ આત્માનંદનો અનુભવ કરવા લાગે છે. જે માનવીઓ ગાયત્રીનું ગાન કરતાં,હંમેશાં તેનો જપ કરતા રહે છે, ગાયત્રી તેમનું રક્ષણ કરે છે. ગાયત્રી મંત્રની સાધના કરવાથી બધા પ્રકારની કામનાઓ સિદ્ધ થાય છે. જે વ્યક્તિ નિષ્કામ ભાવથી તેના જાપ કરે છે તેઓને બધા પ્રકારનાં સાંસારિક ફળ મળે છે અને સાથેસાથે મુક્તિ મળે છે. એટલે આપણા પ્રાચીન ઋષિ મુનિ ઓએ સંસારના કલ્યાણ માટે તેને પ્રગટ કર્યો અને પરંપરા પ્રમાણે તેની ઉપાસના અનિવાર્ય રીતે પ્રચલિત કરી. આ ગાયત્રી ઉપાસનાના ફળથી આ દેશ હજારો વર્ષ સુધી ઉન્નતિ કરતો કરતો જગતમાં આગળ રહ્યો. કાળક્રમે ભોગોમાં ફસાઈ અથવા અંદરઅંદર ઝગડી દેશનું પતન થયું ત્યારે થોડાક ગાયત્રીના પ્રભાવથી બીજાં રાષ્ટ્રોની માફક તેનો જડ મૂળથી નાશ થયો નહીં. રાજનૈતિક દષ્ટિએ આપણું સારું એવું રક્ષણ થયું હતું. વિદેશી આક્રમણકારોએ સામ, દામ, દંડ, ભેદ ચારે રીતોનો ઉપયોગ ખૂબ પ્રયત્નપૂર્વક કર્યો કે તે ધર્મથી દૂર થાય અને પૂરી રીતે દેશને હડપ કરી લેવાય,પણ ન તો મુસલમાનોને અને ન તો ખ્રિસ્તી ઓને આ ઉદ્દેશ્યમાં સફળતા મળી. આનું કારણ એ હતુંકે અહીં ના ધર્મનો આધાર,તે લોકોના ધર્મના આધારથી ખૂબ જ ઉચ્ચ, દૃઢ અને સત્ય હતો, જેની સામે આ નવો ધર્મ નિસ્તેજ લાગતો હતો. આ આપત્તિકાળમાં પણ અહીંના અનેક સાધક ગાયત્રી ની મહાન ઉપાસનામાં લાગેલા રહેતા અને સમયાંતરે તેઓએ એવી શક્તિ ઉત્પન્ન કરી, જેનાથી વિદેશીઓના પ્રભાવને નષ્ટ કરી તેઓના પગ જામવા દીધા નહીં. ગાયત્રી ઉપાસના હંમેશાં ભારતીય જનતાની ઉન્નતિ અને સુરક્ષાનો આધાર રહી છે અને તેના પ્રભાવથી અહીંનું સામાજિક અને વ્યક્તિગત જીવન પ્રગતિ તરફ આગળ રહ્યું છે. માનવીનું સૌથી મોટું લક્ષણ વિવેક અને સદાચાર સંબંધી જ્ઞાન છે. ફક્ત ચાર હાથ-પગ હોવાથી અને આંખ,કાન,મોં વગેરે ઈન્દ્રિયો હોવા થી માનવી કહી શકાય નહીં.આ બધાં લક્ષણો પશુઓમાં હોય છે અને મોટા ભાગના પશુઓની કેટલીક ઈન્દ્રિયો આપણા કરતાં વધુ શક્તિશાળી હોય છે. ગાયત્રી આ વિવેકશક્તિના વિકાસ કરનારો મહામંત્ર છે અને તેનાથી તેની શ્રેષ્ઠતા બધા વિદ્વાનો સ્વીકારે છે. શંકરાચાર્યે એક ખૂબ અગત્યનો મુદ્દો નોંધ્યો છે : આપણે એકવાર કર્મ કર્યું એટલે કર્યું. મેં કોઈને દગો દીધો એટલે દીધો. પછી મારા એ કુકર્મ બદલ હું ગમે તેટલા ધમપછાડા કરું એનાથી કશો અર્થ ના સરે. મારે પક્ષે તો એવું કાંઈ રહેતું જ નથી જેથી મારા કુકર્મની અસર ભૂંસી શકાય ને એ વ્યક્તિ જોડે મારો સંબંધ પાછો સાધી શકાય. પેલી વ્યક્તિ પોતાની મેળે મારું કુકર્મ જતું કરે તો જ કંઈક થઈ શકે. મારું પાપ પણ ઈશ્વર સામેનું મારું કુકર્મ છે,એને ભૂંસવા હું ગમે તેટલાં જપ-તપ, યજ્ઞ-યાગ, સ્નાન, યાત્રા કે દાન કરું તોય એ નિરર્થક બને છે. મારા કુકર્મની સામે બીજું કોઈ સતકર્મ કે પુણ્ય કામ આવતું નથી. એ તો પછી ઈશ્વર પર જ નિર્ભર છે. ઈશ્વર મારાં પાપ જતાં કરે તો જ મારો છુટકારો થાય.પેલા વંઠેલા દીકરાને બાપે જે રીતે ગળે વળગાડ્યો એ રીતે ઈશ્વર સામે ચાલીને મને અપનાવી લે તો જ ઈશ્વર સાથેનો મારો તૂટેલો સંબંધ પાછો બંધાય. ફક્ત ઈશ્વર જ પહેલ કરીને મારા ભણી પોતાના હાથ લંબાવે તો જ મારી અવદશામાંથી બહાર નીકળવાની આશા બંધાય. આમ છે તેથી ધર્મની કે સત્યની ખોજ કરી રહેલ પ્રત્યેક સ્ત્રી અને પુરુષ નું એ કર્તવ્ય થઈ પડે છે કે, માનવ જાતિના ઈતિહાસમાં ઈશ્વરે માનવ ભણી આવો હાથ લંબાવ્યો છે કે નહિ એ શોધવા માટે ઉત્સુક પોતે બને. આવી ઉત્સુકતા જ એની ખોજમાં યોગ્ય દિશામાં ભરેલું પહેલું પગલું ગણાય. આપણે આ જ દિશામાં આગળ વધીશું. આપણે એ જાણવા પ્રયત્ન કરીશું કે આપણે તો ઈશ્વરની યોજના ઠુકરાવી દીધી; પણ એ પછી આપણે તેની જોડે પાછો સંબંધ બાંધી શકીએ એવો કોઈ બીજો મોકો ઈશ્વરે આપણને આપ્યો છે કે કેમ?



## કયા દેશની કેરી સારી, ભારતની કે પાકિસ્તાનની?



ભારતના મલીહાબાદની કે પાકિસ્તાનના શહેર મુલતાનની, કઈ કેરી શ્રેષ્ઠ છે? આ સવાલ વિદેશમાં રહેતા લોકો માટે જેમ ‘વિરાટ કોહલી શ્રેષ્ઠ છે કે બાબર આઝમ’ જેવી ચર્ચામાં બદલાઈ જાય છે. દક્ષિણ એશિયાના આ બંને દેશ કેરી માટે જાણીતા છે. દુનિયાની ૪૦ ટકા કેરી ભારતમાં થાય છે, પરંતુ નિકાસની દૃષ્ટિએ પાકિસ્તાન અને ભારત લગભગ સરખા છે. એવામાં ફળોનો રાજા કહેવાતા આ ફળની ખેતી વિશે ભારત અને પાકિસ્તાન બંનેમાંથી કોણ આગળ છે, આ ચર્ચામાં પડતા પહેલાં અમે બંને દેશના ખેડૂતો સાથે વાત કરીને જાણવાનો પ્રયાસ કર્યો કે તેમની કેરી કેમ ખાસ છે. કેરી પ્રત્યેના તેમના પ્રેમ અંગે જાણીતા શાયર મિર્ઝા ગાલિબે એક વાર કહ્યું હતું કે કેરીમાં માત્ર બે ખૂબી હોવી જોઈએ, એક તો તેની મીઠાશ અને તેની માત્રા વધુ હોવી જોઈએ. જોકે ભારતના ‘મૅન્ગોમૅન’ કલીમુલ્લાહ ખાન આમાં ઉમેરો કરે છે કે, “તેની ઘણી બધી જાતો પણ હોવી જોઈએ”, કારણ કે મલીહાબાદમાં તે આ કારણથી જ મશહૂર છે. કેરીની અલગ-અલગ જાત ઉછેરવા માટે જાણીતા કલીમુલ્લાહ ખાન કહે છે કે, ચૌસા, દશેરી અને લંગડો જેવી મશહૂર કેરીઓ સિવાય પણ કેરીની એક દુનિયા છે. તેઓ કેરીઓનાં નામ ગણાવે છે, ‘ખાસુલખાસ, ગુલાબખાસ, શમસુલ અસમાર, બદરુલ અસમાર, મહમુદુલ અસમાર, અમીન કલા, અમીન ખુર્દ, સોરખા ખાલિસપુર, સોરખા મુર્શિદાબાદ, સોરખા શાહાબાદ, કચ્છ મીઠા, ગોલ ભદૈયાં, રામકેલા, ફજરી, હુસ્નઆરા, રતૌલ, જરદાલુ, બેગમપસંદ, બીજી તરફ પાકિસ્તાનના શહેર મુલતાનના ખેડૂત સોહેલ ખાન બાબર મજાક કરતા કહે છે કે મુલતાનના લોકો સાથે લોકો મિત્રતા જ એ માટે કરે છે, કારણ કે અહીંની કેરી મશહૂર છે. આવો, પહેલા મલીહાબાદ જઈએ અને ભારતની કેરી વિશે ‘મૅન્ગોમૅન’ પાસેથી જાણીએ. કેરીની ૩૦૦થી વધુ જાત ધરાવતો આંબો બદલાઈ રહેલા વાતાવરણ પછી ઉત્તર પ્રદેશના મલીહાબાદમાં પડેલા વરસાદે ‘મૅન્ગોમૅન’ કલીમુલ્લાહ ખાનના ચહેરા પર ખુશી લાવી દીધી છે. પરંપરાગત રીતે આંબા માટે પ્રખ્યાત આ પ્રદેશમાં આ વર્ષે અસામાન્ય ગરમી પડી, ગરમીમાં અસામાન્ય રીતે ઠંડી આવી અને આ દરમિયાન અકાળે વરસાદ પડવાથી કેરીના ઉત્પાદન પર ખરાબ અસર પડી. કલીમુલ્લાહ કહે છે કે, “૧૯૧૯માં મલીહાબાદમાં કેરીની ૧૩૦૦ જાત હતી, પરંતુ હવે સમગ્ર ઉત્તર પ્રદેશમાં લગભગ ૬૦૦ જાત પણ નથી બચી અને આ આંકડો ઘટી રહ્યો છે.”

## કેન્સર સહિત અઢળક બીમારીઓ કરશે દૂર, વાળને સફેદ થવા દેશે નહીં આ છોડના ફળ

હરડેમાં લેક્સટીવ ગુણ હોય છે જેને કારણે શરીરની વધારાની ચરબી આપમેળે પીગળીને બહાર નીકળી જાય છે અને વજન ને સંતુલિત રાખી શકાય છે. ૬ ગ્રામ હરડેના પાવડરને ૧ ગ્લાસ પાણી માં ઉકાળી લો. જયારે પાણી અડધું રહે એટલે ગેસ પરથી ઉતારીલો. ઠંડુ થઈ જાય એટલે તેમાં એક ચમચી મધ નાખીને દરરોજ ભૂખ્યા પેટે પીવો. રિસર્ચમાં જણાવ્યા અનુસાર હરડેમાં જે ફેનોલિક્સ કંપાઉડ જોવા મળે છે. તે એન્ટીકાર્સિનોઝેનિક હોય છે એટલે કે તે કેન્સર કોશિકાઓને વધવા દેતું નથી. અધ્યયનમાં જણાવ્યા અનુસાર હરડેના ફળમાંથી કાઢવામાં આવેલા અર્કને જ્યારે કેન્સરથી પીડિત ઉંદરને આપવામાં આવ્યા તો બ્રેસ્ટ કેન્સરમાં જવાબદાર સેલ્સ ખતમ કરી દીધા. તો વળી અન્ય પ્રયોગમાં તે બોન કેન્સર અને પ્રોસ્ટેટ કેન્સરને પણ રોકવામાં સક્ષમ થઈ ગયું છે. હરડેથી અસ્થમા, ગળાની ખરાશ, ઉલ્ટી, હિચકી, ડાયરિયા, બવાસીર, અલ્સર, ગઠિયા, ડાયાબિટીસ, પેશાબ સંબંધિત તકલીફો સહિત કેટલીય બીમારીઓને કમ કરે છે અને કેટલીય બીમારી થવા દેતું નથી. આ છોડનું નામ વૈજ્ઞાનિક નામ ટર્મિનાલિયા ચેબુલા છે. તેને અંગ્રેજીમાં માયરોબાલન કહેવાય છે. ભારતમાં તેનું નામ હરીતકી અથવા હરડે છે. પણ તેને કેટલાય અન્ય નામથી



ઓળખવામાં આવે છે. હરીતકીમાં એટલા ગુણ હોય છે કે તેને લઈને દુનિયાના કેટલાય દેશોમાં તેને લઈને રિસર્ચ થયા છે. સાયન્સ ડાયરેક્ટ જર્નલના જણાવ્યા અનુસાર, ટર્મિનાલિયા ચેબુલા ફક્ત ભારત અને ઈરાનમાં જોવા મળે છે. આ બંને દેશોમાં આ છોડનો કેટલીય બીમારીમાં સદીઓથી ઉપયોગ થાય છે. મધ્યકાલીન યુગમાં હરીતકીને લઈને ઈરાનમાં કેટલાય રિસર્ચ થયા છે અને તેના કેટલાય ગુણો દુનિયાની સામે રજૂ કર્યા છે. હરીતકીમાં એટલા ગુણ હોય છે કે, જો માણસ સીમિત માત્રામાં ઉપયોગ કરે તો, કેટલીય બીમારીથી મુક્ત થઈ જાય. તિબ્બતમાં હરીતકીને કિંગ ઓફ મેડિસીન કહેવાય છે. એનસીબીઆઈ જર્નલમાં છપાયેલ રિપોર્ટ અનુસાર, હરડેથી અસ્થમા, ગળાની ખરાશ, ઉલ્ટી, હિચકી, ડાયરિયા, બવાસીર, અલ્સર, ગઠિયા, ડાયાબિટીસ, પેશાબ સંબંધિત તકલીફો સહિત કેટલીય બીમારીઓને કમ કરે છે અને કેટલીય બીમારી થવા દેતું નથી. કેટલાય રિસર્ચમાં જોવા મળ્યું છે કે, હરડેમાં એન્ટી ઓક્સીડેંટ્સ, એન્ટીઆઈક્રોબિયલ, એન્ટી ડાયબેટિક, હેપેપ્રોટેક્ટિવ, એન્ટી ઈંફ્લામેટરી, એન્ટીમુટાઝેનિક, એન્ટીપ્રોલિફેરેટિવ, રેડિયોપ્રોટેક્ટિવ, કાર્ડિયોપ્રોટેક્વિ, એન્ટીઅર્થરાઈટિસ, એન્ટીકેરિઝ, ગેસ્ટ્રોઈંટેસ્ટાઈનલ ઈફેક્ટિવનેસ વગેરે ગુણ છે. હરડેનું ચૂર્ણ પાચન સંબંધિત તમામ પ્રકારની સમસ્યાઓથી છુટકારો અપાવે છે. હરડેમાં લેક્સેટિવ ગુણ હોય છે, જે આંતરડાના લાઈનિંગને રાહત પહોંચાડે છે પેટની બીમારીઓ માટે આ ટોનિકની માફક કામ કરે છે. તે ડાયરિયા અને ઉલ્ટીમાંથી રાહત અપાવે છે. પેટમાં ભેજને સુકવી લે છે અને ભૂખ જગાડે છે. તેમાં લેક્સેટિવ ગુણ હોય છે, જે પાચન સંબંધિત સમસ્યાઓથી છુટકારો અપાવે છે. હરેડને કોન્સ્ટિપેશનને પણ દૂર કરે છે. ત્યાં સુધી કે બવાસીરમાં થનારી બ્લીડિંગને પણ ઠીક કરે છે. કબજીયાતથી પીડાતી વ્યક્તિઓ એવા ઉપાયની શોધમાં રહે છે, જે નિયમિત લઈ શકાય. જે લેવાથી પેટ સવારે એક વખત સાફ થઈ જાય અને આંતરડાને નુકશાન ન થાય. કબજીયાત મટાડવા માટે અનેક ઔષધો બજારમાં ઉપલબ્ધ હોય છે.

## આરોગ્ય માટે ફાયદાકારક ડ્રેગન ફ્રૂટ ખાવું જોઈએ?



ડેન્ગયુનો રોગ થવાથી આપણા શરીરમાં કાઉન્ટ ઘટી જાય છે. જેના કારણે આપણું શરીર ખુબ જ નબળું પડી જાય છે. માટે આ એક ફળનું સેવન કરવાથી કાઉન્ટમાં વધારો કરી શક્ય છે. આ ફળમાં મળી આવતા નાના બ્લેક દાણા આપણા શરીરમાં થયેલ કમજોરી ને દૂર કરી દે છે. જો શરીરમાં શારીરિક કમજોરી, થાક, નબળાઈ જેવી સમસ્યા રહેતી હોય તો આ એક ફ્રુટનું સેવન કરવાથી દૂર થઈ જાય છે. સૌથી શક્તિ શાળી આ એક ડ્રેગન ફ્રૂટનું સેવન નિયમિત કરવાથી આપણા શરીરમાં રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે જેના કારણે આપણા શરીરમાં થતા અનેક રોગથી બચાવી રાખવાનું કામ કરે છે. ભારતમાં ડ્રેગન ફ્રૂટની લોકપ્રિયતા ખૂબ ઝડપથી વધી છે. તેને કેક્ટસ ફ્રૂટ, ડ્રેગન પર્લ ફ્રૂટ અને પિટાયા પણ કહેવાય છે. ડ્રેગન ફૂડ તેના અનોખા દેખાવ અને સ્વાદ માટે જાણીતું છે. ડ્રેગન ફ્રૂટ ખાવાથી આરોગ્યને ઘણા ફાયદા થાય છે. ભારતમાં ડ્રેગન ફ્રૂટની લોકપ્રિયતા ખૂબ ઝડપથી વધી છે. તેને કેક્ટસ ફ્રૂટ, ડ્રેગન પર્લ ફ્રૂટ અને પિટાયા પણ કહેવાય છે. ડ્રેગન ફૂડ તેના અનોખા દેખાવ અને સ્વાદ માટે જાણીતું છે. ડ્રેગન ફ્રૂટ ખાવાથી આરોગ્યને ઘણા ફાયદા થાય છે. તે કુદરતી રીતે ફેટ ફ્રી અને ફાઈબરથી ભરપૂર હોય છે. તેને નાસ્તામાં લેવાથી ભૂખ ઓછી લાગે છે. આ ઉપરાંત તે બ્લડ શુગર ઘટાડવામાં પણ મદદ કરે છે. તેમાં પ્રિબાયોટિક્સ હોય છે, જે તમારા આંતરડામાં પ્રોબાયોટિક્સ નામના તંદુરસ્ત બેક્ટેરિયાનો ખોરાક છે. તમારી સિસ્ટમમાં વધુ પ્રિબાયોટિક્સ મળે તો તમારા આંતરડામાં ગુડ અને બેડ બેક્ટેરિયાનું સંતુલન સુધારી શકાય છે. ડ્રેગન ફ્રૂટ તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવી શકે છે. તેમાં વિટામિન સી અને અન્ય એન્ટિઓક્સિડન્ટ્સ વધારે હોય છે, જે તમારી રોગપ્રતિકારક શક્તિ માટે સારા છે. તેમાં આયરનનું પ્રમાણ પણ ઊંચું હોય છે. સામાન્ય રીતે ફળોના સેવન માટે સવારનો સમય શ્રેષ્ઠ માનવામાં આવે છે. કારણ કે પાચન તંત્ર ફળોની શુગરને ઝડપથી ઓગાળી નાંખે છે અને તેને તમામ પોષક તત્વો આપે છે. ડ્રેગન ફ્રૂટને મિડ મિલ તરીકે અથવા રાત્રે પણ લઈ શકાય છે. રાત્રે લેવામાં આવે તો વધુ સારી ઊંઘમાં મદદ કરે છે. તેને તમારા ફળોના સલાડમાં અનાનસ અને કેરી જેવા ફળો સાથે ઉમેરી શકો છો. તેનો આઈસક્રીમ બનાવી શકો.

## તમે કેળાની છાલ ખાવ છો કે નહીં? ફેંકી ન દેતા

આપણા વડીલો હંમેશાથી કહેતા આવ્યા છે કે ફળોને હંમેશા એમની છાલ સાથે જ ખાવા જોઈએ, પરંતુ આપણામાંથી કેટલા લોકો એમની વાતને માનતા હશે તે તો આપ જાણોજ છો. તેમાંય કેળાની વાત આવે તો તો છાલ ખાવાનો કોઈ વિચાર પણ ના કરે પરંતુ જે વસ્તુને તમે ફેંકી રહ્યાં છો તેમાં છે ગુણોનો ભંડાર. દરેક સિઝનમાં મળે એવું ફળ એટલે કેળા. કેળા સ્વાસ્થ્ય માટે લાભકારી છે. દરરોજ એક-એક પાકેલું કેળું ખાવાથી ડિહાઈડ્રેશન અટકે છે. કેળાની છાલ વજન પણ ઘટાડે છે. જેમાં પ્રચુર માત્રામાં વિટામિન બી-૬, બી-૧૨ તેમજ મિનરલ્સ, પોટેશિયમ અને મેગ્નેશિયમ હોય છે. તે ફાઈબરનો સારો સ્ત્રોત છે. જે તમારી



પાચનક્રિયાને સરખી કરવામાં મદદરૂપ થાય છે. મિત્રો તમને જણાવીએ કે તે જો કેળાની છાલ તમારા ચહેરા ઉપર નિખાર અને કોમળતા લાવી શકે છે. મિત્રો તમને જણાવીએ કે તે તો પછી તમારા વાળ માટે પણ સારી છે. વધુ માં જણાવીએ કે તે કેળા ની છાલ ને તમે હેર-માસ્ક ની જેમ પણ ઉપયોગ કરી શકો છો. તે કેળા ની છાલ વાળ ને નરમ બનાવે છે અને સાથે જ ચમક પણ લાવે છે. આંખની નીચે ડાર્ક સર્કલ થઈ ગયા છે? તો આ સમસ્યામાં પણ કેળાના છાલ ઉપયોગી નીવડે છે. આ માટે કેળાના છાલને બ્લેંડરમાં પીસી લેવી અને તેમાં એલોવેરે જેલ મિક્સ કરી આંખની નીચેના ભાગમાં લગાડવી. જ્યારે સુકાઈ જાય તો ધોઈ લો અને આ ઉપાય સતત કરવાથી ડાર્ક સર્કલમાં દૂર થઈ જશે.

BOLLYWOOD NEWS FLASH

## મોટી સફળતાની શોધમાં છે, શું ‘સ્પાય’ ટ્રેન્ડમાં તેની એન્ટ્રી થશે?



બોલિવુડ બિઝનેસમાં આયુષ્માન મધ્યમ બજેટની ફિલ્મોનો ખૂબ જ સફળ સ્ટાર સાબિત થયો છે

આયુષ્માન ખુરાના એ બોલીવુડ અભિનેતાઓમાંથી એક છે જેમની ફિલ્મોની સામગ્રી લોકોને ખૂબ જ સંબંધિત લાગે છે. સુપરસ્ટાર ખાન, અજય દેવગન-અક્ષય કુમાર અને કાર્તિક આર્યનના વધતા સ્ટારડમ વચ્ચે, આયુષ્માને પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. લોકોમાં તેની લોકપ્રિયતા જ મજબૂત નથી, તેની અભિનય પ્રતિભાની પણ ખૂબ પ્રશંસા થાય છે. અને વિવિધ ફિલ્મો પસંદ કરવાની તેમની કળામાં જનતાને ઘણો વિશ્વાસ છે. છેલ્લા કેટલાક સમયથી તે પડદા પર ઓછો જોવા મળી રહ્યો છે. જો કે તેની છેલ્લી રીલિઝ ‘ડ્રીમ ગર્લ ૨’ ગયા વર્ષે ઓગસ્ટમાં જ રીલિઝ થઈ હતી, આયુષ્માન તે અભિનેતા છે જેને લોકો વર્ષમાં બે-ત્રણ વખત મોટા પડદા પર જોવાની ટેવ ધરાવે છે. દરમિયાન, એક સમાચાર ચોક્કસપણે સામે આવ્યા છે જે તેના ચાહકોને ઉત્તેજિત કરશે. પિંકવિલાના એક અહેવાલ અનુસાર, આયુષ્માન ખુરાના હવે કરણ જોહર દ્વારા નિર્મિત ફિલ્મ કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મનું શીર્ષક હજુ નક્કી કરવામાં આવ્યું નથી, પરંતુ અહેવાલો સૂચવે છે કે આયુષ્માન ફિલ્મમાં જાસૂસની ભૂમિકા ભજવવાનો છે. પરંતુ આ ફિલ્મ રૂટિન થ્રિલર સ્પાય ડ્રામા નહીં, પણ સ્પાય કોમેડી હશે. આ પ્રોજેક્ટમાં કરણ જોહરની સાથે ગુનીત મોંગા પણ કો-પ્રોડ્યુસર છે. રાષ્ટ્રીય પુરસ્કાર અને ઓસ્કાર વિજેતા નિર્માતા ગુનીત મોંગાનું નામ સામગ્રીને જજ કરનારાઓમાં વિશેષ સન્માન સાથે લેવામાં આવે છે. આયુષ્માનના આ પ્રોજેક્ટમાં સૌથી રસપ્રદ વાત એ છે કે અત્યાર સુધી જાસૂસી ફિલ્મો ખૂબ જ ગંભીર વિષયો લઈને આવી છે, આમાં જાસૂસી નાટકની સાથે કોમેડી પણ રજૂ કરવાની છે, જે એક વિચાર તરીકે તદ્દન નવો લાગે છે. આયુષ્માનના ચાહકોની સાથે સાથે ફિલ્મ ટ્રેડ પણ આ ફિલ્મ પર ખૂબ ધ્યાન આપશે, કારણ કે આ ફિલ્મ આયુષ્માનના કરિયર માટે ટર્નિંગ પોઈન્ટ બની શકે છે. તેની અનોખી ફિલ્મો માટે લોકોમાં લોકપ્રિય, આયુષ્માન કોવિડ પહેલાના યુગમાં ઉદ્યોગ માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યો છે. બોલિવૂડ બિઝનેસમાં, આયુષ્માન મધ્યમ બજેટની ફિલ્મોનો ખૂબ જ સફળ સ્ટાર સાબિત થયો છે. ૨૦૧૨માં ડેબ્યૂ કરનાર આયુષ્માને કોવિડ ફાટી નીકળતા પહેલા ૨૦૨૦માં કુલ ૧૪ ફિલ્મો કરી હતી.

### ઉંમર વધે તેમ તમારામાં શાંતિ અને એકાગ્રતા વધતાં જાય

## ઈન્ડસ્ટ્રીના પોલિટિક્સનો સામનો દરેકે કરવો પડે છે

### લારા દત્તાએ મિસ યુનિવર્સ જીતીને બોલિવુડમાં ડેબ્યુ કર્યું હતું અને વીસ વર્ષથી ઇન્ડસ્ટ્રીનો ભાગ છે

લારા દત્તા હવે ‘રનનીતિ’માં જોવા મળશે, જે એક પોલિટિકલ સ્ટોરી છે. પોતાના જીવનમાં બોલિવુડ પોલિટિક્સની અસર વિશે તેણે જણાવ્યું કે, “દરેક ઈન્ડસ્ટ્રીના પોતાના પોલિટિક્સ હોય છે, તેમાં કેટલાકનો તમારે કોઈને કોઈ રીતે સામનો પણ કરવો પડે છે. જો હું એવું કહું કે મારી સફર બહુ સરળ રહી છે અને બધું બહુ સારું જ રહ્યું છે તો એ જૂઠું કહેવાશે. પણ જો હું ભૂતકાળ યાદ કરું તો તેનાથી મારી કૅરિઅરમાં, વ્યક્તિત્વમાં કે હું જે છું તેમાં કોઈ ફરક પડ્યો નથી. ક્યારેક મને ખરાબ લાગ્યું હશે, પરંતુ પછી જ્યારે બોલિવુડમાં ઘટતાં ગ્લેમરના મહત્વ વિશે લારાએ કહ્યું કે, “એવું પણ નહોતું કે બધું જ ગ્લેમરસ હતું અને જો હોય તો તેને દૂર કરવાના કોઈ ચોક્કસ પ્રયત્નો પણ થતાં નહોતાં. જ્યારે માત્ર મોટા પડદાં પર જ ફિલ્મો જોવાતી અને ઓટીટી પ્લેટફોર્મ નહોતાં ત્યારે એવા પૂરતાં પાત્રો જ નહોતાં કે જેમાં ગ્લેમરને એક બાજુ મુકી શકાય. છેલ્લા ચાર વર્ષમાં એ વિચારધારા મહદંશે બદલાઈ ગઈ છે.” જ્યારે તેની આગામી સીરિઝ ‘રણનીતિ’ વિશે લારાએ જણાવ્યું કે, “મનિષા સેહગલ એક બહુ પ્રતિભાવાન અને પ્રભાવશાળી મહિલા છે. જોકે, તેના પાત્રની તાકાત બતાવવામા માટે તેનું ગ્લેમર ઘડાડવાની કોશિશ થઈ નથી. મને લાગે છે કે એ જડ






માન્યતા અને વિચારધારામાંથી આપણે ધીરે ધીરે બહાર આવી રહ્યા છીએ. આજે પડદા પર મહિલાઓનાં પ્રતિનિધિત્વની વાત કરીએ તો આજે બહુ સર્વસમાવેશી અભિગમ જોવા મળે છે.” કઈ રીતે હિરોઈનના જીવન પર ઉંમરની અસર થાય છે કે નહીં તે અંગે લારાએ જણાવ્યું કે, “એ જેટલું સુંદર છે એટલું જ ડરામણું પણ છે. દરેક મહિલા માટે તેના ફાયદા અને ગેર ફાયદા છે. એવા દિવસો હશે જ્યારે તમે તમારી જાતને અરીસામાં જોશો અને તમે કહેશો, ‘હે ભગવાન, મારી ઉંમર વધવા લાગી છે.’ તમે એક દિવસ ઉઠો અને તમને લાગશે કે, ‘હવે મારું શરીર બહુ ઘરડું લાગે છે.’ પરંતુ તેમાં પણ સુંદરતા છે. હું માનું છું કે તમે તમારી જાતને જેવી છે તેવી જ સ્વીકારી લો છો તો તમે અલગ ફ્રીડમનો અનુભવ કરો છો. બધી જ બેકાર વાતો બાજુએ રહી જાય છે. બીજા લોકો શું કહેશે તે અંગે તમારે જરા પણ ચિંતા કરવાની જરૂર નથી. જેમ તમારી ઉંમર વધે છે તેમ તમારામાં શાંતિ અને એકાગ્રતા વધતાં જાય છે.

### એનિવર્સરી ફોટો શેર કર્યો

### ચૂંટણી જીતવા માટે રાજકારણમાં પોતાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહી છે

## હેમા માલિની-ધર્મેન્દ્રની ૪૪મી વર્ષગાંઠની ઉજવણી

ડ્રીમ ગર્લ હેમા માલિની ભલે ફિલ્મી દુનિયામાં સક્રિય ન હોય, પરંતુ તે મથુરાથી ચૂંટણી જીતવા માટે રાજકારણમાં પોતાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહી છે. હેમા માલિની અને ધર્મેન્દ્રના લગ્નના ૪૪ વર્ષ પૂર્ણ થયા છે. આ ખાસ અવસર પર અભિનેત્રીએ તેના પતિ સાથે ફરીથી વરમાળા પહેરી લગ્ન કર્યા છે. આ સિવાય તેણે ઈન્સ્ટાગ્રામ પર ધર્મેન્દ્ર સાથેની એક સુંદર તસવીર શેર કરી છે. જેમાં આ કપલ ખૂબ જ ક્યૂટ લાગી રહ્યું છે. હેમા માલિનીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી શેર કરવામાં આવેલી આ તસવીરમાં હેમા અને ધર્મેન્દ્રના ગળામાં વરમાળા દેખાઈ રહી છે. તે બન્ને તેમના ઘરમાં બેઠેલા જોવા મળે છે.





તેની પાછળ કેટલાક પુસ્તકો રાખવામાં આવ્યા છે અને દિવાલ પર ચિત્રો લટકાવવામાં આવ્યા છે. હેમા અને ધર્મેન્દ્ર એકસાથે ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા છે.‘શોલે’ની અભિનેત્રી હેમા માલિની હંમેશાની જેમ ખૂબ જ સુંદર લાગી રહી છે. આ લુકને પૂર્ણ કરવા માટે અભિનેત્રીએ હેવી નેકલેસ પહેર્યો હતો જ્યારે ધર્મેન્દ્ર ડાર્ક પીચ કલરનો શર્ટ પહેરેલો જોવા મળ્યો હતો. આ તસવીરોમાં કપલનું ખૂબ જ સુંદર બોન્ડ જોઈ શકાય છે. માત્ર સ્ક્રીન પર જ નહીં પરંતુ સ્ક્રીનની બહાર પણ હેમા માલિની-ધર્મેન્દ્રની જોડી આજે પણ દર્શકોમાં હિટ છે.હેમા માલિની અને ધર્મેન્દ્રની ૪૪મી વર્ષગાંઠમાં તેમની પુત્રી એશા દેઓલ પણ હાજર રહી હતી. તસવીરો શેર કરતી વખતે હેમાએ લખ્યું, ‘આજે ઘરે લીધેલા ફોટા.’ ઈશાએ એનિવર્સરી સેલિબ્રેશનની તસવીરો પણ શેર કરી છે. અગાઉ, એશા દેઓલે તેના ઈન્સ્ટાગ્રામ પર તેના માતાપિતાની એક અદ્રશ્ય તસવીર શેર કરી હતી અને તેમને તેમની વર્ષગાંઠ પર શુભેચ્છા પાઠવી હતી. આ તસવીરો જોઈને સ્પષ્ટ થાય છે કે ઈશાએ આખા પરિવાર સાથે પાટીમાં ખૂબ જ મસ્તી કરી હતી.બોલિવૂડની ડ્રીમ ગર્લ અને હીમનની પહેલી મુલાકાત ૧૯૭૦માં થઈ હતી જ્યારે તેઓ તેમની ફિલ્મ ‘તુમ હસીન મેં જવાન’નું શૂટિંગ કરી રહ્યા હતા. ઘણી મુશ્કેલીઓ પછી આ કપલે ૧૯૮૦માં લગ્ન કર્યા. હેમા માલિની-ધર્મેન્દ્રને બે દીકરીઓ છે, જેનું નામ એશા દેઓલ અને આહાના દેઓલ છે.

## ન્યુઝ બોક્ષ

### કોંગ્રેસ ઉમેદવારે છેલ્લી ઘડીએ મેદાન છોડ્યું

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૪ ।

ઓડિશાની પુરી લોકસભા સીટથી કોંગ્રેસના ઉમેદવાર સુચારિતા મોહંતીએ પાર્ટીને ટિકિટ પરત કરી દીધી છે. મોહંતીએ કોંગ્રેસ સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલને પત્ર લખીને ટિકિટ પરત કરવાની જાણકારી આપી હતી. જેમાં તેમણે કહ્યું છે કે તેમને પાર્ટી તરફથી ચૂંટણી લડવા માટે મળનારી રકમ આપવામાં આવી નથી, જેના કારણે તે પ્રચાર કરી શકતી નથી. સુચારિતા મોહંતી પુરી સીટ પર ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રા સામે ચૂંટણી લડી રહી હતી. લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં પુરી લોકસભા સીટ માટે ૨૫ મેના રોજ મતદાન થવાનું છે. આ સીટ માટે નોમિનેશનની છેલ્લી તારીખ ૬ મે છે. ભાજપના અરૂપ પટનાયક અને ભાજપના સંબિત પાત્રાએ ઉમેદવારી નોંધાવી છે. મોહંતીનું નામાંકન હજુ બાકી છે. સુરતમાં પક્ષના ઉમેદવારનું નામાંકન રદ થતાં ભાજપના ઉમેદવાર બિનહરીફ જીત્યા હતા જ્યાકે પુરીના કોંગ્રેસના ઉમેદવારે પક્ષને ટિકિટ પરત કરી છે જ્યારે ઈન્દોરમાં કોંગ્રેસના ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચી હતી. ઓડિશા ટીવીના અહેવાલ મુજબ, કેસી વેણુગોપાલને લખેલા પત્રમાં સુચારિતાએ ફંડ ન મળવાની પોતાની સમસ્યા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું, “પુરી સંસદીય ક્ષેત્રમાં અમારું ચૂંટણી અભિયાન ખરાબ રીતે પ્રભાવિત થયું છે કારણ કે પાર્ટીએ મને ભંડોળ આપવાનો ઈનકાર કર્યો છે. છૈંઝઝ ઓડિશાના પ્રભારી ડૉ. અજોય કુમારે સ્પષ્ટપણે કહ્યું છે કે હું પ્રચારની તમામની જવાબદારી ઉઠાવીશ.

### ગેરકાયદે યાત્રા કરનારને પવિત્ર સ્થાનમાં પ્રવેશ કરતા અટકાવાશે

। (એજન્સી) રિયાધ, તા.૪ ।

સાઉદી અરેબિયાના મક્કામાં મુસ્લિમો દ્વારા થતી પવિત્ર યાત્રા હજની તૈયારીઓ પુરજોશમાં શરૂ થવાની સાથે નવા નિયમો પણ જાહેર થયા છે. સાઉદી હજ અને ઉમરા મંત્રાલયે હજ યાત્રીઓ માટે ‘નસ્ક હજ કાર્ડ જાહેર કર્યા છે. હજ દરમિયાન આ કાર્ડનો ઉપયોગ ફરજીયાત કરાયો છે. ગલ્ફ ન્યૂઝના અહેવાલો મુજબ ગેરકાયદે રીતે હજ યાત્રા પર આવનારા લોકો પર અંકુશ મેળવવા માટે આ સિસ્ટમ લાગુ કરાઈ છે. નસ્ક હજ કાર્ડથી હજ યાત્રીઓની યાત્રા સરળ બનવાની સાથે ગેરકાયદે બનતી ઘટનાઓને અટકાવવામાં પણ ઉપયોગી નિવડશે. આ ઉપરાંત સાઉદી અરેબિયા સરકાર મક્કામાં થતી ભીડને સરળતાથી મેનેજ કરી શકશે. હજ યાત્રા પર જનારા તમામ હાજીઓને આ કાર્ડ અપાશે, જેનાથી કોઈપણ વ્યક્તિની ઓળખની ચકાસણી કરવી સરળ બનશે. આ ઉપરાંત ગેરકાયદે હજ યાત્રા પર જનારાઓને પવિત્ર સ્થાનમાં પ્રવેશ કરવાતી પણ અટકાવી શકાશે. સાઉદી અરેબિયાનું માનવું છે કે, આ સિસ્ટમથી તીર્થયાત્રીઓની સુરક્ષા વધશે. હજ અને ઉમરા મંત્રાલયે કહ્યું કે, આ કાર્ડ ડિજિટલ અને પ્રિન્ટ બંને ફોર્મેટમાં ઉપલબ્ધ છે. ડિજિટલ કાર્ડ ‘નુસ્ક અને તવાકલાન’ એપ્લિકેશન પર જોઈ શકાશે અને તેની પ્રિન્ટ પણ કાઢી શકાશે. હજ દરમિયાન હજયાત્રીઓએ ડિજિટલ કાર્ડ પર છપાયેલ ઊઈ કોડ સ્કેન કરીને સૂચનાઓનું ફરજીયાત પાલન કરવું પડશે. મંત્રાલયે કહ્યું કે, હજ યાત્રીઓને આ કાર્ડથી ઘણી સુવિધાઓ મળશે. આ કાર્ડથી યાત્રીઓની તમામ માહિતીનો રેકોર્ડ મેળવો સરળ બનશે. મંત્રાલયે સાઉદી અરેબિયા અને વિદેશી તીર્થયાત્રિઓને પવિત્ર સ્થળ પર પહોંચ્યા પહેલા કાર્ડ મેળવવાની વિનંતી કરી છે.

### ઘણા લોકોની ધરપકડ કરવામાં આવી

# ખાલિસ્તાન આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા કેસમાં કેનેડિયન પોલીસ એક્શનમાં

## વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે પીએમ ટ્રુડો અગાઉ પણ આવી જ ટિપ્પણી કરી ચૂક્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૪ ।



કેનેડિયન પોલીસે ગયા વર્ષે બ્રિટિશ કોલંબિયામાં વોન્ટેડ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા સાથે સંકળાયેલી કથિત હિટ સ્ક્વોડના સભ્યોની શુક્રવારે ધરપકડ કરી હતી. ન્યૂઝ એજન્સી રોયટર્સે કેનેડિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશનને ટાંકીને આ માહિતી આપી છે.અહેવાલમાં સૂત્રોના જણાવ્યા અનુસાર, એવું બહાર આવ્યું છે કે તપાસકર્તાઓએ થોડા મહિના પહેલા કેનેડામાં શંકાસ્પદ લોકોની ઓળખ કરી હતી અને તેમને કડક દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. રોયટર્સે જણાવ્યું હતું કે રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ તરફથી કોઈ તાત્કાલિક પ્રતિસાદ મળ્યો નથી.કેનેડિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશને એવો પણ દાવો કર્યો હતો કે સત્તાવાળાઓ એડમોન્ટનમાં ૧૧ વર્ષના છોકરાની જીવલેણ ગોળીબાર સહિત કેનેડામાં ત્રણ હત્યાઓના સંભવિત જોડાણોની સક્રિયપણે તપાસ કરી રહ્યા છે. અહેવાલમાં જણાવાયું છે કે હિટ સ્ક્વોડના કથિત સભ્યોએ સરેમાં ગુરુ નાનક શીખ ગુરુદ્વારામાં નિજ્જરની હત્યા દરમિયાન શૂટર, ડ્રાઈવર અને જાસૂસ તરીકે વિવિધ ભૂમિકાઓ ભજવી હતી.તમને જણાવી દઈએ કે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ઘણી વખત ભારત પર ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યો છે. તેણે તાજેતરમાં ખાલસા દિવસ નિમિત્તે ટોરન્ટોમાં એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જેમાં ખાલિસ્તાનના સમર્થનમાં નારા લગાવવામાં આવ્યા હતા. આવી સ્થિતિમાં ભારતે ફરી એકવાર નિજ્જરની હત્યાને લઈને ટ્રુડોના તાજા નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. ભારત સરકારે કહ્યું છે કે ટ્રુડોના નિવેદને ફરી એક વખત દર્શાવ્યું છે કે કેનેડામાં અલગતાવાદ, ઉગ્રવાદ અને હિંસાને રાજકીય જગ્યા આપવામાં આવી છે.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે પીએમ ટ્રુડો અગાઉ પણ આવી જ ટિપ્પણી કરી ચૂક્યા છે. તેમના નિવેદનોએ ફરી એક વખત દર્શાવ્યું છે કે કેનેડામાં ઉગ્રવાદ, કટ્ટરવાદ અને હિંસાને રાજકીય સ્થાન આપવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આનાથી માત્ર ભારત અને કેનેડાના સંબંધો પર અસર થશે નહીં પરંતુ તેનાથી કેનેડામાં હિંસા અને અપરાધના વાતાવરણને પણ પ્રોત્સાહન મળશે.

### સુપ્રીમ કોર્ટે સીબીઆઈને તપાસ પૂરી કરીને સીલબંધ રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે

# SCએ સાહિબગંજ ગેરકાયદેસર ખાણકામની CBI તપાસ પર રોક લગાવવાનો ઇનકાર



। (એજન્સી) મુંબઈ, તા.૦૪ ।

સુપ્રીમ કોર્ટે ઝારખંડના સાહિબગંજ જિલ્લામાં ગેરકાયદેસર ખાણકામની સીબીઆઈ તપાસ રોકવાનો આદેશ આપવાનો ઈન્કાર કરી દીધો છે. ઝારખંડ સરકારની અપીલ અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે સીબીઆઈને નોટિસ પાઠવી છે.સુપ્રીમ કોર્ટે સીબીઆઈને તપાસ પૂરી કરીને સીલબંધ રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ જ સીબીઆઈ આ કેસમાં ચાર્જશીટ દાખલ કરી શકશે. કોર્ટે પણ આ સૂચના આપી છે.ઉનાળુ વેકેશન બાદ હવે સુપ્રીમ કોર્ટ આ મામલે આગામી સુનાવણી ૧૮મી જુલાઈએ કરશે. આરોપ છે કે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનના સહયોગીઓ ગેરકાયદે માઈનિંગ કેસમાં કથિત રીતે સામેલ છે.૨૨ ફેબ્રુઆરીના રોજ, ઝારખંડ હાઈકોર્ટે સાહિબગંજમાં લેમોનલ પહાડમાં ગેરકાયદેસર ખાણકામની સીબીઆઈ તપાસ પરનો સ્ટે હટાવી લીધો હતો અને સીબીઆઈને તપાસ ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો હતો. આ આદેશને ઝારખંડ સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. વાસ્તવમાં, સીબીઆઈ લેમન માઉન્ટેનમાં ગેરકાયદેસર ખનન અંગે તપાસ કરી રહી હતી પરંતુ રાજ્ય સરકારે સીબીઆઈની તપાસ સામે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ૧૯ જાન્યુઆરીએ સીબીઆઈ તપાસ પર રોક લગાવી દીધી હતી. આરોપ છે કે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનના સહયોગીઓ ગેરકાયદે માઈનિંગ કેસમાં કથિત રીતે સામેલ છે.૨૨ ફેબ્રુઆરીના રોજ, ઝારખંડ હાઈકોર્ટે સાહિબગંજમાં લેમોનલ પહાડમાં ગેરકાયદેસર ખાણકામની સીબીઆઈ તપાસ પરનો સ્ટે હટાવી લીધો હતો અને સીબીઆઈને તપાસ ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો હતો. આ આદેશને ઝારખંડ સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. વાસ્તવમાં, સીબીઆઈ લેમન માઉન્ટેનમાં ગેરકાયદેસર ખનન અંગે તપાસ કરી રહી હતી પરંતુ રાજ્ય સરકારે સીબીઆઈની તપાસ સામે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ૧૯ જાન્યુઆરીએ સીબીઆઈ તપાસ પર રોક લગાવી દીધી હતી.

### આતંકવાદી હુમલામાં ૩૮ ટકાનો વધારો

# આતંકવાદીઓને પોષતું પાકિસ્તાન હવે પોતે જ તેનો શિકાર બની રહ્યું છે

### પાકિસ્તાનમાં છેલ્લા એક મહિનામાં ૭૭ આતંકવાદી હુમલાઓ થયા, ૪ મહિનામાં ૩૨૩ લોકો માર્યા ગયા



। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૪ ।

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ સ્થિત એક થિંક-ટેંક દ્વારા સુરક્ષા મૂલ્યાંકન અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે માર્ચમાં થોડા સમય પછી, એપ્રિલમાં પાકિસ્તાનમાં ફરી એકવાર આતંકવાદી હુમલામાં વધારો થયો છે. ગયા મહિને દેશની અંદર ૭૭ હુમલા થયા હતા. ડૉન ન્યૂઝના રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ફોર કોન્ફિલક્ટ એન્ડ સિક્યોરિટી સ્ટડીઝ (ઁઝજીજી)એ એક રિપોર્ટમાં કહ્યું છે કે ખાસ કરીને ખૈબર પખ્તુનખ્વાએ આ હુમલાઓનો ભોગ લીધો છે. આ વિસ્તારમાં ૩૫ નાગરિકો અને સુરક્ષા દળોના ૩૧ સભ્યો સહિત ૭૦ લોકો માર્યા ગયા છે.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે હુમલામાં ચાર આતંકવાદીઓ માર્યા ગયા અને ૩૨ નાગરિકો અને ૩૫ સુરક્ષાકમીઓ ઘાયલ થયા. તેની સરખામણીમાં માર્ચ દરમિયાન ૫૬ આતંકવાદી હુમલા થયા હતા, જેમાં ૭૭ લોકોના મોત અને ૬૭ લોકો ઘાયલ થયા હતા.આ આંકડા દેશમાં આતંકવાદી હુમલાની સંખ્યામાં ૩૮ ટકાનો વધારો દર્શાવે છે. જો કે, મૃત્યુમાં નવ ટકાનો ઘટાડો થયો છે અને ઘાયલોની સંખ્યામાં કોઈ ફેરફાર થયો નથી. સુરક્ષા અહેવાલમાં છેલ્લા મહિના દરમિયાન અનેક સંભવિત હુમલાઓને નિષ્ફળ બનાવવા માટે દેશના સુરક્ષા દળોના પ્રયાસોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે આત્મઘાતી હુમલામાં સામેલ લોકો સહિત ઓછામાં ઓછા ૫૫ શંકાસ્પદ આતંકવાદીઓ માર્યા ગયા હતા અને અન્ય ૧૨ની ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે, માર્ચની સરખામણીમાં આતંકવાદીઓના મૃત્યુમાં ૫૫ ટકાનો વધારો થયો છે.પંજાબમાં પણ આતંકવાદી ગતિવિધિઓમાં વધારો જોવા મળ્યો હતો. માર્ચના એક હુમલાની સરખામણીએ એપ્રિલમાં ચાર હુમલા થયા હતા અને આ સમયગાળા દરમિયાન ત્રણ મૃત્યુ થયા હતા. સિંધમાં એક હુમલો અને ત્રણના મોત નોંધાયા હતા. રિપોર્ટ અનુસાર, આ વર્ષના પહેલા ચાર મહિનામાં દેશની અંદર ૩૨૩ આતંકી હુમલા થયા, જેમાં ૩૨૪ લોકોના મોત થયા અને ૩૮૭ ઘાયલ થયા.

### ‘બિગ બોસ’ ફેમ અભિજીત બિચુકલે મહારાષ્ટ્રની કલ્યાણ બેઠક પરથી ચૂંટણી લડશે

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।


રિયાલિટી શો ‘બિગ બોસ’ ફેમ અભિજીત બિચુકલેએ શુક્રવારે મહારાષ્ટ્રની કલ્યાણ લોકસભા સીટ પરથી ઉમેદવારી પત્ર ભર્યું છે. કલ્યાણ લોકસભા સીટ પહેલા, મહા વિકાસ અઘાડી તરફથી વૈશાલી દરેકર અને શાસક ગઠબંધન મહાયુતિ તરફથી ડૉ. શ્રીકાંત શિંદેએ ઉમેદવારી પત્રો ભર્યા છે.ઉમેદવારી પત્ર ભર્યા બાદ અભિજીત બિચકુલેએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે પર આકરા પ્રહારો કર્યા હતા. બિચકુલેએ કહ્યું, ‘અપનો સમય આવશે... મારો પ્રશ્ન એ છે કે કલ્યાણે મને આટલો સમય કેમ ન આપવો જોઈએ? અહીં તમામ પ્રકારના લોકો રહે છે. તેમણે કહ્યું, ‘જે પ્રકારનો વિકાસ અહીં થવો જોઈતો હતો તે અઢી વર્ષમાં થયો નથી અને થયો નથી.’અભિજીત બિચુકલેએ કહ્યું, ‘મારે કોઈ પાટી સાથે કોઈ લેવાદેવા નથી. હું સ્વતંત્ર છું, બંધારણનો અનુયાયી છું અને બંધારણનો અનુયાયી છું. સીએમ શિંદે પર આરોપ લગાવતા તેમણે કહ્યું કે, ‘એકનાથ શિંદેએ વિશ્વાસઘાત કર્યો છે. તે સમયે તેણે કહ્યું હતું કે હું અજિત પવાર સાથે નહીં બેસીશ પરંતુ આજે મેં તેમને મારા ખોફામાં બેસાડ્યા છે. તેમનું મોદીજી સાથે ગઠબંધન છે.એકનાથ શિંદેએ તેમના પુત્ર અને વર્તમાન સાંસદ શ્રીકાંત શિંદેને કલ્યાણ બેઠક પરથી ટિકિટ આપી છે. શ્રીકાંત શિંદેએ ગુરુવારે ઉમેદવારી નોંધાવી હતી. નોમિનેશન પહેલા શ્રીકાંત શિંદેએ ડોમ્બિવલીની શેરીઓમાં તાકાતનું પ્રદર્શન કર્યું જેમાં તેમના પિતા એકનાથ શિંદે પણ હાજર હતા.

### રસ્તા વચ્ચેથી મળી નવજાતની લાશ

# બાથરૂમમાં બાળકને જન્મ આપ્યા બાદ પ્લાસ્ટિકમાં લપેટીને ફેંકી દીધો

### પોલીસે પુષ્ટિ કરી છે કે આ લગ્નેતર ગર્ભાવસ્થાનો મામલો છે અને મહિલા બળાત્કારનો ભોગ બનેલી હોવાની શંકા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૪ ।



કોચીના એર્નાકુલમમાં પ્લાસ્ટિકના કવરમાં લપેટાયેલ નવજાત બાળકનો મૃતદેહ રસ્તાની વચ્ચે લોહીથી લથપથ હાલતમાં મળી આવ્યો હતો. મળતી માહિતી મુજબ, તેને નજીકના એપાર્ટમેન્ટમાં રહેતી તેની માતાએ બહાર ફેંકી દીધો હતો. પોલીસે બાળકની ૨૩ વર્ષની માતાની ધરપકડ કરી છે જેણે તેને પનંબલી નગરમાં ફ્લેટના પમાં માળેથી ફેંકી દીધો હતો.પોલીસે પુષ્ટિ કરી છે કે આ લગ્નેતર ગર્ભાવસ્થાનો મામલો છે અને મહિલા બળાત્કારનો ભોગ બનેલી હોવાની શંકા છે. મહિલા કોઈને કહ્યા વગર બાળકને મારવાનો પ્રયાસ કરી રહી હતી. બાળકીના માતા-પિતાને પણ આ ઘટનાની જાણ ન હતી. તેણે બાથરૂમમાં બાળકને જન્મ આપ્યો અને બહાર આવ્યા બાદ બાળકને પ્લાસ્ટિકના કવરમાં લપેટીને રસ્તા પર ફેંકી દીધું. બાદમાં સફાઈ કામદારોએ લાશ જોઈ પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ ખોપરીમાં ઈજા હોવાનું જણાવાયું છે. નવજાત શિશુના નીચેના જડબામાં પણ ઈજા થઈ હતી. પોલીસ હજુ સુધી એ વાતની પુષ્ટિ કરી શકી નથી કે મહિલા બળાત્કારનો ભોગ બની હતી કે નહીં. બાળકની માતાની હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે અને હાલમાં તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેની તબિયતમાં સુધારો થતાં તેને જેલમાં ખસેડવામાં આવશે. દરમિયાન કેરળ રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગે આ મામલે કેસ નોંધ્યો છે. આયોગે કોચી શહેર પોલીસ કમિશનર પાસેથી રિપોર્ટ માંગ્યો છે. તેણે બાથરૂમમાં બાળકને જન્મ આપ્યો અને બહાર આવ્યા બાદ બાળકને પ્લાસ્ટિકના કવરમાં લપેટીને રસ્તા પર ફેંકી દીધું. બાદમાં સફાઈ કામદારોએ લાશ જોઈ પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ ખોપરીમાં ઈજા હોવાનું જણાવાયું છે. નવજાત શિશુના નીચેના જડબામાં પણ ઈજા થઈ હતી. પોલીસ હજુ સુધી એ વાતની પુષ્ટિ કરી શકી નથી કે મહિલા બળાત્કારનો ભોગ બની હતી કે નહીં. બાળકની માતાની હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે અને હાલમાં તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તેની તબિયતમાં સુધારો થતાં તેને જેલમાં ખસેડવામાં આવશે. દરમિયાન કેરળ રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગે આ મામલે કેસ નોંધ્યો છે. આયોગે કોચી શહેર પોલીસ કમિશનર પાસેથી રિપોર્ટ માંગ્યો છે.

# ભારતમાં વિવિધ સમાજના લોકો આવે છે : જયશંકર, ભારતને ‘ઝેનોફોબિક’ કહેનાર બાઈડેનને જવાબ

। (એજન્સી) ।વી દિલ્હી, તા.૪ ।

ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડનના તે નિવેદન પર પ્રતિક્રિયા આપી છે, જેમાં તેમણે ભારત અને જાપાનને ‘ઝેનોફોબિક’ દેશ કહ્યા હતા. વિદેશ મંત્રી એસ. જયશંકરે એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું કે, ‘ભારતનો સમાજ હંમેશા અન્ય સમાજોના લોકો માટે ખુલ્લો રહ્યો છે. કેન્દ્ર સરકારનું ઝછછ મુશ્કેલીમાં ફસાયેલા લોકો માટે દરવાજા ખોલે છે તેને ભારતની નાગરિકતા આપવાનું કામ કરે છે. આપણે તે લોકોના સ્વાગત માટે તૈયાર રહેવું જોઈએ, જેમને આવવાની જરૂર છે અને જેનો હક બને છે.’

વિદેશ મંત્રી એસ. જયશંકરે ઝછછનો વિરોધ કરનારા પર નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, એવા લોકો છે જેમણે સાર્વજનિક રીતે કહ્યું કે, ‘ઝછછના હોવાથી ૧૦ લાખ મુસ્લિમો ભારતમાં પોતાની નાગરિકતા ગુમાવી દેશે. આ દાવાઓ છતા કોઈની ભારતમાં નાગરિકતા નથી ગઈ.’

એસ. જયશંકરે કહ્યું કે, ‘પશ્ચિમી મીડિયાનો એક ભાગ ગ્લોબલ નેરેટિવને પોતાના હિસાબથી ચલાવવા માગે છે અને આ તબક્કામાં તેઓ ભારતને નિશાન બનાવે છે. આ તે લોકો છે જેમને ભરોસો છે કે તેમણે આ નેરેટિવને કંટ્રોલ કરવો જોઈએ.’

એક કાર્યક્રમમાં અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું હતું કે, ‘ભારત જેવા દેશો ઝેનોફોબિક છે અને આર્થિક શક્તિના રૂપમાં પાછળ રહી જવાનું કારણ આ જ છે. ભારત, ચીન, જાપાન અને રશિયા જેવા દેશો ઝેનોફોબિક દેશો છે. તેમની અર્થવ્યવસ્થા તે કારણે પ્રભાવિત થાય છે. ઝેનોફોબિક એટલે એક પ્રકારનો ડર, તે ડર બહારથી આવતા લોકોને રોકે છે. ભારત, ચીન, રશિયા અને જાપાન જેવા દેશો બહારના લોકોને આવકારતા નથી. તે કારણે જ તેમનું અર્થતંત્ર વધુ વિકાસ નથી પામતું. બાઈડેને કહ્યું હતું કે, ‘આપણા અર્થતંત્રનો ઝડપી વિકાસ થાય છે, કારણ કે આપણે અને અન્ય લોકો પણ મહેનત કરે છે. એવું એટલા માટે છે કે આપણે પ્રવાસીઓને આવકારીએ છીએ.’ ચીનનું ઉદાહરણ આપીને બાઈડેને સમજાવ્યું હતું કે, ‘ચીનનું અર્થશાસ્ત્ર શા માટે સ્થગિત થઈ ગયું છે? જાપાન શા માટે મુશ્કેલીમાં છે? ભારત અને રશિયાની સ્થિતિ શું છે? આવું એટલા માટે છે કે તેઓ ઝેનોફોબિક છે. તે લોકો પ્રવાસી સમુદાય નથી ઈચ્છતા. પરંતુ અમેરિકાને તો પ્રવાસીઓ જ મજબૂત કરે છે.’

અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડન દ્વારા ભારત પર મોટો આરોપ લગાવ્યા બાદ હવે અમેરિકા ડેમેજ કંટ્રોલ મોડમાં છે.

બુધવારના એક કાર્યક્રમમાં બાઈડને કરેલી ટિપ્પણી અંગે ‘વ્હાઈટ હાઉસ‘ના પ્રેસ સચિવ કૅરિન જ્યાં-પિયરેએ કહ્યું કે, રાષ્ટ્રપતિ એક ‘વ્યાપક બિંદુ’ પર વાત કરી રહ્યા હતા. અમારા સહયોગી અને સાથી ખુબ સારી રીતે જાણે છે કે રાષ્ટ્રપતિ તેમનું કેટલું સન્માન કરે છે. જાપાનના સંદર્ભમાં જેમ કે તમે જાણો છો કે તેઓ હાલમાં જ અહીં રાજકીય પ્રવાસે આવ્યા હતા. અમેરિકા અને જાપાનના સંબંધો મહત્વપૂર્ણ છે. આ ગાઢ અને કાયમી ગઠબંધન છે. તેમણે કહ્યું કે, તેમણે (બાઈડને) એક વ્યાપક બિંદુ પર ટિપ્પણી કરી હતી કે દેશમાં અપ્રવાસીઓનું હોવું કેટલું જરૂરી છે અને કેવી રીતે તેના કારણે આપણો દેશ મજબૂત બને છે. બુધવારના એક કાર્યક્રમમાં બાઈડને કરેલી ટિપ્પણી અંગે ‘વ્હાઈટ હાઉસ‘ના પ્રેસ સચિવ કૅરિન જ્યાં-પિયરેએ કહ્યું કે, રાષ્ટ્રપતિ એક ‘વ્યાપક બિંદુ’ પર વાત કરી રહ્યા હતા. અમારા સહયોગી અને સાથી ખુબ સારી રીતે જાણે છે કે રાષ્ટ્રપતિ તેમનું કેટલું સન્માન કરે છે. જાપાનના સંદર્ભમાં જેમ કે તમે જાણો છો કે તેઓ હાલમાં જ અહીં રાજકીય પ્રવાસે આવ્યા હતા. અમેરિકા અને જાપાનના સંબંધો મહત્વપૂર્ણ છે. આ ગાઢ અને કાયમી ગઠબંધન છે. તેમણે કહ્યું કે, તેમણે (બાઈડને) એક વ્યાપક બિંદુ પર ટિપ્પણી કરી હતી કે દેશમાં અપ્રવાસીઓનું હોવું કેટલું જરૂરી છે અને કેવી રીતે તેના કારણે આપણો દેશ મજબૂત બને છે.

## ન્યૂઝ બ્રિફ

### નડિયાદ હાઈવે પર ભયાનક અકસ્માતમાં ૫ થી વધુના મોત

। (એજન્સી) નડિયાદ, તા.૦૪ ।

નડિયાદ પાસે બપોરનાં સુમારે ટ્રેલરની પાછળ કા ઘૂસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ત્યારે આ અકસ્માતમાં ૫ થી વધુ લોકોનાં મૃત્યું થતા પરિવારજનોમાં રોકકળ મચી જવા પામી હતી. નડિયાદ પાસે ટ્રેલરની પાછળ કાર ઘૂસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર વડોદરાથી અમદાવાદ જઈ રહી હતી. તે સમયે અકસ્માત સર્જાતા ૫ થી વધુ લોકોનાં ઘટનાં સ્થળે જ મોત નિપજ્યા હતા. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર દુર્ઘટનાં સર્જાતા ફરી એક વખત હાઈવે રક્તરંજીત થવા પામ્યો હતા.

### મેઘરજ તાલુકાના ઢેમડા ગામે એક કારમાં આગ લાગી

। (એજન્સી) મેઘરજ, તા.૪ ।

મેઘરજ તાલુકાના ઢેમડા ગામે એક કારમાં આગ લાગી હતી. કાર લઈને મુસાફરો લગ્ન પ્રસંગ આવ્યા હતા. જ્યાં કારને મુસાફરોએ ઉતર્યા બાદ ચાલકે એક ઝાડના નીચે છાંયડામાં પાર્ક કરી હતી. પરંતુ એકાએક જ કાર આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયેલી જોવા મળી હતી. ધીરે ધીરે આગ વધતી જવા લાગતા કાર આગમાં સળગી સંપૂર્ણ રીતે ખાખ થઈ ગઈ હતી. કાળઝાળ ગરમી વરસી રહી છે. આ દરમિયાન ગરમીમાં ભર બપોરે વાહન લઈ નિકળવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે. ગરમીમાં વાહનોમાં આગ લાગવાની ઘટના પણ સામે આવી રહી છે. આવી જ રીતે મેઘરજ તાલુકાના ઢેમડા ગામે એક કારમાં આગ લાગી હતી. કાર લઈને મુસાફરો લગ્ન પ્રસંગ આવ્યા હતા. જ્યાં કારને મુસાફરોએ ઉતર્યા બાદ ચાલકે એક ઝાડના નીચે છાંયડામાં પાર્ક કરી હતી. પરંતુ એકાએક જ કાર આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયેલી જોવા મળી હતી. ધીરે ધીરે આગ વધતી જવા લાગતા કાર આગમાં સળગી સંપૂર્ણ રીતે ખાખ થઈ ગઈ હતી.

### વાઘોડિયાની ખોડિયાર રેસ્ટોરન્ટના શાકમાંથી જીવાત મળી આવી

। (એજન્સી) વડોદરા, તા.૦૪ ।

વડોદરામાં વાઘોડિયા રોડ પર આવેલા ખોડિયાર રેસ્ટોરન્ટના શાકમાંથી જીવાત મળી આવી છે. સેવ ટામેટાના શાકમાંથી જીવાત નીકળી છે. રેસ્ટોરન્ટના માલિક દ્વારા ગ્રાહકો સાથે ચેડા કરવાનો આરોપ છે. વડોદરામાં વાઘોડિયા રોડ પર આવેલા ખોડિયાર રેસ્ટોરન્ટના શાકમાંથી જીવાત મળી આવી છે.સેવ ટામેટાના શાકમાંથી જીવાત નીકળી છે. રેસ્ટોરન્ટના માલિક દ્વારા ગ્રાહકો સાથે ચેડા કરવાનો આરોપ છે. સમગ્ર ઘટના મુદ્દે ગ્રાહકે રેસ્ટોરન્ટ માલિકને ફરિયાદ કરી છે. રેસ્ટોરન્ટ માલિકે પોતાની રેસ્ટોરન્ટનો બચાવ કર્યો છે.જો કે ગ્રાહકે વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે. રેસ્ટોરન્ટના માલિક દ્વારા ગ્રાહકો સાથે ચેડા કરવાનો આરોપ છે. સમગ્ર ઘટના મુદ્દે ગ્રાહકે રેસ્ટોરન્ટ માલિકને ફરિયાદ કરી છે. રેસ્ટોરન્ટ માલિકે પોતાની રેસ્ટોરન્ટનો બચાવ કર્યો છે.જો કે ગ્રાહકે વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે.

### પતિ જેલમાં જતા પત્નીએ સંભાળ્યો નશાનો કારોબાર

# ડ્રગ્સનું વેચાણ કરતી વધુ એક મહિલા પેડલર સહિત ૨ આરોપીની ધરપકડ

## ઝોન ૭ LCBએ રિક્ષામાં ડ્રગ્સની હેરાફેરી કરનાર આરોપી અને જુહાપુરાની મહિલા ડ્રગ્સ પેડલરની ધરપકડ કરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદમાં ડ્રગ્સનું વેચાણ કરતી વધુ એક મહિલા પેડલર સહિત ૨ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ડ્રગ્સ કેસમાં પતિ જેલમાં જતા પત્નીએ ડ્રગ્સનો ધંધો શરૂ કર્યો હોવાનો સામે આવ્યો છે. ઝોન ૭ LCBએ રિક્ષામાં ડ્રગ્સની હેરાફેરી કરનાર આરોપી અને જુહાપુરાની મહિલા ડ્રગ્સ પેડલરની ધરપકડ કરી છે.

અમદાવાદમાં ડ્રગ્સનું વેચાણ કરતી વધુ એક મહિલા પેડલર સહિત ૨ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ડ્રગ્સ કેસમાં પતિ જેલમાં જતા પત્નીએ ડ્રગ્સનો ધંધો શરૂ કર્યો હોવાનું સામે આવ્યું છે. ઝોન ૭ LCBએ રિક્ષામાં ડ્રગ્સની હેરાફેરી કરનાર આરોપી અને જુહાપુરાની મહિલા ડ્રગ્સ પેડલરની ધરપકડ કરીને ૨.૫૩ લાખનું ડ્રગ્સ જપ્ત કર્યું છે.

આ કેસમાં દરિયાપુરની ડ્રગ્સ પેડલરનું નામ ખુલ્યું છે. જેને આધારે પોલીસે તેની પણ શોધખોળ હાથ ધરી છે. વેજલપુર પોલીસ કસ્ટડીમાં જોવા મળતા આરોપી સાબિયાબાનુ અન્સારી અને શાહરુખખાન પઠાણની ડ્રગ્સના વેચાણ કરવાના કેસમાં પોલીસે ધરપકડ કરી છે.ઝોન ૭ LCBને બાતમી મળી કે જુહાપુરા વિસ્તારમાં ડ્રગ્સની હેરાફેરી થઈ રહી છે જેને લઈને વોચ ગોઠવી હતી. રિક્ષામાં ડ્રગ્સનો જથ્થો લઈને



નીકળેલા આરોપી શાહરુખ ખાન પઠાણની ધરપકડ કરીને તેની પાસેથી ૪૫ હજારનો ડ્રગ્સનો જથ્થો પોલીસે જપ્ત કર્યો.આરોપીની પૂછપરછમાં જુહાપુરાની મહિલા ડ્રગ્સ પેડલર સાબિયાબાનું અન્સારીનું નામ ખુલ્યું હતું .પોલીસે તેના ઘરે રેડ કરતા વધુ ૨ લાખનું ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે બંન્નેની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે મહિલા ડ્રગ્સ પેડલર સાબિયાબાનું ના પતિ સિકંદરહુસેન અન્સારીની જીંટ ક્રાઈમે ડ્રગ્સ કેસમાં ધરપકડ કરી હતી. જે છેલ્લા ૧૦ મહિનાથી સાબરમતી જેલમાં કેદ છે.પતિ જેલમાં જતો રહેતા સાબિયાબાનુએ પતિનો નશાનો ધંધામાં ઝપલાવ્યું અને ડ્રગ્સ પેડલર બનીને ડ્રગ્સનો ધંધો શરૂ કર્યો.

આ મહિલા પેડલર દરિયાપુરની મહિલા પેડલર જાસમીનબાનુ પાસેથી ડ્રગ્સ લાવીને છૂટક વેચાણ કરતી હતી.આ ડ્રગ્સના નેટવર્કમાં મહિલા પેડલર સૌથી વધુ સક્રિય થઈ હોવાનું તપાસમાં ખુલતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ગુજરાતમાં ડ્રગ્સનું નેટવર્ક વધ્યું છે. ગાંધીનગર માં Md ડ્રગ્સની ફેકટરી પકડાયા બાદ Md ડ્રગ્સના નેટવર્ક મહિલા પેડલરનું પ્રમાણ વધ્યું છે.આ ડ્રગ્સ કેસમાં ઝોન ૭ LCB અને વેજલપુર પોલીસે સંયુક્ત તપાસ હાથ ધરી છે. આરોપીઓના ૪ મેં સુધીના રિમાન્ડ મેળવીને વધુ પૂછપરછ કરવામાં આવશે. હજી દરિયાપુરની મહિલા પેડલરની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## નિકોલ પછી સાયન્સ સિટીમાં બાંધકામ સાઇટ પર શ્રમિક મહિલાનું મોત થયું

। અમદાવાદ, તા.૦૪ ।

અમદાવાદમાં બાંધકામ સાઈટ પર મજૂરોના મોતનો સિલસિલો યથાવત્ રહ્યો છે. નિકોલમાં બાંધકામ સાઈટ પર શ્રમિકનું મોત થયા પછી હવે સાયન્સ સિટીમાં મહિલા શ્રમિકનું નિધન થયું છે. કન્સ્ટ્રકશન સાઈટ પર પટકાતા મહિલાનું મોત થયું છે.યુકો બેન્કની સાઈટ પર મહિલાનું મોત થયું છે. ૨૨ વર્ષીય વક્તાકુમારી અંગરી નામની મહિલાનું મોત થયું છે. આ બતાવે છે કે કોન્ટ્રાક્ટરો સાઈટનું બાંધકામ કરે છે ત્યારે શ્રમિકોના જીવનને લઈને કેટલી બેદરકારી દાખવી રહ્યા છે તેનો આ પુરાવો છે. કદાચ લગભગ દરેક બાંધકામ સાઈટ પર આ સ્થિતિ છે, પરંતુ શ્રમિકના નિધનના લીધે આ બધુ બહાર આવી રહ્યુ છે.ગુજરાતમાં કામકાજના સ્થળે મૃત્યુ હવે નવાઈ રહી નથી. દરેક કિસ્સો બન્યા પછી દેખાવ પૂરતા પગલાં લેવાય છે અને પછી સમગ્ર ઘટના પર ઢાંકપિછોડો કરી દેવાય છે. ગુજરાતમાં ૨૦૨૧થી માર્ચ ૨૦૨૪ સુધી ઔદ્યોગિક અકસ્માતમાં કુલ ૭૧૪ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. પણ આ શ્રમિકોને ચૂકવવામાં આવેલા વળતરની વાત આવે તો કોઈ ચોક્કસ આંકડો દેખાતો નથી. ૨૦૨૧ થી, રાજ્યમાં ઔદ્યોગિક અકસ્માતોમાં ૭૧૪ જેટલા મજૂરોએ જીવ ગુમાવ્યો છે, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે બુધવારે ગુજરાત વિધાનસભાને માહિતી આપી હતી, આમ આંકડા સરકારના પોતાના છે. ગુજરાતમાં ૨૦૨૧થી માર્ચ ૨૦૨૪ સુધી ઔદ્યોગિક અકસ્માતમાં કુલ ૭૧૪ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. પણ આ શ્રમિકોને ચૂકવવામાં આવેલા વળતરની વાત આવે તો કોઈ ચોક્કસ આંકડો દેખાતો નથી. ૨૦૨૧ થી, રાજ્યમાં ઔદ્યોગિક અકસ્માતોમાં ૭૧૪ જેટલા મજૂરોએ જીવ ગુમાવ્યો છે, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે બુધવારે ગુજરાત વિધાનસભાને માહિતી આપી હતી, આમ આંકડા સરકારના પોતાના છે.

### સ્કૂટર પર સ્ટંટબાજી કરતાં

## યુવકનો વીડિયો વાયરલ થતાં જ પોલીસે ધરપકડ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ ટ્રાફિક પોલીસે સ્કૂટર પર ખતરનાક સ્ટંટ કરનારા મોહમ્મદ તનવીર નામના યુવકની ધરપકડ કરી છે. આ સ્ટંટનો વીડિયો વાયરલ થતાં જ પોલીસ એક્શનમાં આવી ગઈ અને મોહમ્મદ તનવીરની ધરપકડ કરી લીધી. પોલીસે સ્ટંટમેન સામે કડક કાર્યવાહી હાથ ધરી છે.વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે ગોમતીપુરનો રહેવાસી ૧૮ વર્ષનો મોહમ્મદ તનવીર ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પોતાનું સ્કૂટર ચલાવી રહ્યો હતો. આ ઉપરાંત, તે રસ્તાની વચ્ચે વિચિત્ર વસ્તુઓ કરી રહ્યો હતો. યુવકે સોશિયલ મીડિયા પર લાઈક્સ મેળવવા માટે આ બધું કર્યું હતું. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે આ પ્રકારના કૃત્ય કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.જ્યારે પોલીસે વાયરલ વીડિયોની તપાસ કરી તો જાણવા મળ્યું કે મોહમ્મદ તનવીરે તેના મિત્ર મોહમ્મદ કૈફ સાથે મળીને ૨૨ એપ્રિલે અમદાવાદના ખામાશાથી ગોમતીપુર જવાના રસ્તા પર ચાલતા સ્કૂટર પરથી આ રીલ બનાવી હતી. ટ્રાફિક પોલીસે મોહમ્મદ તનવીર સામે IPCની કલમ ૨૭૯ અને મોટર વ્હીકલ એક્ટ ૧૭૭, ૧૮૪, ૧૮૧ હેઠળ કાર્યવાહી કરી અને કલમ ૨૦૭ હેઠળ એક્ટિવા જપ્ત કરી.

## પ્રેમમાં અંધ યુવાને યુવતીના ઘરને આગ ચાંપી દીધી

। (પ્રતિનિધી) સુરત , તા.૪ ।

અમરોલી પ્રેમમાં અંધ યુવાને યુવતીના ઘરને આગ ચાંપી દીધી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સતાધાર સોસાયટીમાં રહેતી યુવતી સાથે પ્રેમમાં પાગલ બનેલા દીપક નામના યુવકે પહેલાં યુવતીની માતાને સળગાવીને પતાવી દેવાની ધમકી આપી હતી ત્યારબાદ યુવતીની બહેનને ચપ્પુ બતાવી મારવાની ધમકી આપી અને ઘરને આગ ચાંપી સળગાવી નાખ્યું હતું. અમરોલી સતાધાર સોસાયટી ખાતે રહેતી મહિલાએ અમરોલી પોલીસ સ્ટેશનમાં દીપક ઉર્ફે પ્રકાશ સાસ્મલની સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ મહિલાની ૨૨ વર્ષીય દીકરી રિયા (નામ બદલ્યું છે) અને દિપક વચ્ચે પ્રેમ સંબંધ હતા. દીપક રિયાને આર્થિક મદદ પણ કરતો હતો. દરમિયાન દીપક સાથે લગ્ન કરવા રિયાએ ના પાડી હતી. એટલે ઉગ્ર બનેલા દીપકે સોસાયટી માથે લીધી હતી. ગતરોજ રાત્રે દસ વાગે રિયા અને તેની બહેન ઘરે હતી ત્યારે દીપક ઘર નીચે ઊભો રહીને રિયાને બૂમ પાડતો હતો અને ફોન કરી ફ્લેટ નીચે આધારકાર્ડ લઈને બોલાવતો હતો. જોકે, રિયાએ તેની સાથે જવાની ના પાડતા દીપકે ફોન કરીને કહ્યું કે, જો તને તારી મા જ નથી આવવા દેતી ને તો હું તેને સળગાવીને ઉડાવી દઈશ, આવી ધમકી આપતા તે ડરી ગઈ હતી અને ફોન બંધ કરી દીધો હતો. દીપક તેના મિત્રો સાથે નીચે ઉભો હોવાથી તેમને ઘરના મુખ્ય દરવાજાને અંદરથી તાળુ મારી દીધું હતું. દીપકે દરવાજાને ખખડાવીને રિયાની નાની બહેનને ચપ્પુ બતાવી ગાળો આપી હતી. આ લોકોને બહાર કાઢો. જો બહાર નહીં આવે તો તાળુ તોડી અંદર આવી જઈશ અને તારી બહેનનું ઘર સળગાવી દઈશ તેવી ધમકી આપી અને જતો રહ્યો હતો. સવારે રિયા, તેની માતા અને બહેન તમામ રિયાની માસીને ત્યાં હતાં હતા.

### જામનગરના એરપોર્ટથી ખોડિયાર કોલોની માર્ગે રિહર્સલ કરવામાં આવ્યું હતું

## PMના પ્રવાસ કાર્યક્રમમાં રિહર્સલ સમયે બેદરકારી દાખવનાર સુરતના ડીસીપીને નોટિસ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

જામનગરમાં ગઈકાલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સભા યોજાઈ હતી, જે અંતર્ગત પહેલી તારીખે જામનગરના એરપોર્ટથી ખોડિયાર કોલોની માર્ગે રિહર્સલ કરવામાં આવ્યું હતું, ત્યારે તે રિહર્સલ દરમિયાનની ફરજમાં બેદરકારી સામે આવી હતી.

જામનગરમાં ગઈકાલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સભા યોજાઈ હતી, જે અંતર્ગત પહેલી તારીખે જામનગરના એરપોર્ટથી ખોડિયાર કોલોની માર્ગે રિહર્સલ કરવામાં આવ્યું હતું, ત્યારે તે રિહર્સલ દરમિયાનની ફરજમાં બેદરકારી સામે આવી હતી, અને તે વિભાગના ઈન્ચાર્જ સુરતના ડીસીપીને નોટિસ પાઠવવામાં આવતાં પોલીસ બેડામાં ચર્ચા જાગી છે.

જામનગરમાં સુપર વિઝનની જવાબદારી સુરતના ડીસીપી રાજદિપ સિંહ નકુમ ને સોંપવામાં આવી હતી, અને પહેલી તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ અંતર્ગત રિહર્સલ કરવામાં આવ્યું હતું. જેમાં એરપોર્ટ અને એરપોર્ટથી સંતોષી માતાના મંદિર સુધીના રોડ પર બંદોબસ્ત ના સુપરવાઈઝર ની જવાબદારી સુરતના ડીસીબી ને સોંપાઈ હતી, તે અંતર્ગત પહેલી મેંના દિવસે તમામ વ્યવસ્થાઓની ચકાસણી કરવામાં આવતાં રિહર્ષલ સમયે તૈયારીઓ યોગ્ય ન હતી, તેમજ સમગ્ર તૈયારી નું સુપરવિઝન પણ યોગ્ય રીતે થયું ન હતું.

## સુરતમાં અજાણી વ્યક્તિનો મૃતદેહ મળતા ચકચાર મચી, ગટરની કામગીરી ચાલી રહી હતી ત્યારે મજુરોને આ મૃતદેહ મળ્યો

। (એજન્સી) સુરત, તા.૪ ।

સુરતમાં અજાણી વ્યક્તિનો મૃતદેહ મળતા ચકચાર મચી છે. સડી ગયેલી હાલતમાં મૃતદેહ મળતા પોલીસે મૃતકની ઓળખ અંગે તપાસ હાથ ધરી છે.આ બનાવની વિગત મુજબ સુરતના પલસાણા સ્થિત ચલથાણામાંથી એક અઝાણ્યા શખ્સનો મૃતદેહ મળી આવ્યો હતો. ગટરની કામગીરી ચાલી રહી હતી ત્યારે મજુરોને આ મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે પોલીસ અને ગામના આગેવાનોને જાણ કરવામાં આવી હતી. બાદમાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ મૃતદેહ ડી કમ્પોઝ હાલતમાં મળી આવ્યો છે. જેને કારણે મૃતકની ઓળખ હજી સુધી થઈ નથી. આ અંગે કડોદરા પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## પ્રેમિકાના પતિએ પ્રેમીને ખતમ કરવા ૧૫ દિવસથી કરતો હતો પ્લાનિંગ

। (એજન્સી) વડાલી, તા. ૪ ।

સાબરકાંઠાના વડાલીમા થયેલા પાર્સલ બ્લાસ્ટ કેસમાં પોલીસ તપાસમાં અનેક ખુલસાઓ બહાર આવ્યા છે. આ પાર્સલ બ્લાસ્ટ કોઈ અન્ય દ્વાર નહીં પરંતુ પ્રેમિકાના પતિ દ્વારા કરાવવામાં આવ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. પ્રેમિકાના પતિએ પ્રેમીને ખતમ કરવા બોક્સમાં એમોનિયમ નાઈટ્રેટ અને ડિટોનેટર ભરીને પાર્સલ મોકલ્યું હતું. કેસનો ખુલાસો થતાની સાથે જ પોલીસે હાલ જયંતિ વણજારાની ધરપકડ કરી લીધી છે. પાર્સલમાં જીલેટિન સ્ટીક ભરી રિક્ષા દ્વારા મૃતક જિતેન્દ્ર વણઝારાના ઘરે પહોંચાડ્યું હતું અને પાર્સલ ખોલતાં જ ધડાકો થયો હતો. બ્લાસ્ટ થતા યુવક જિતેન્દ્ર સહિત બે લોકોના મૃત્યુ થયા હતા, તેમજ કિશોરી સહિત બે ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે આરોપી જયંતી વણઝારાની ધરપકડ કર્યા પછી તપાસ હાથધરી હતી. પુછપરછમાં જાણવા મળ્યું કે આરોપી જયંતી વણઝારા ૧૫ દિવસથી બોમ્બ બ્લાસ્ટનું પ્લાનિંગ કરી રહ્યો હતો. તેણે અલગ અલગ રીતે માઈન્સમાં થતાં બ્લાસ્ટ વિશે જાણકારી મેળવી પ્લાન બનાવ્યો હતો. પોલીસ પૂછપરછમાં જયંતી વણઝારાએ જણાવ્યું હતું કે, તેની પત્ની અને મૃતક જીતુ વણઝારા બંને એક જ ગામના હતા. ઘણા સમયથી તેઓ એકબીજાના પરિચયમાં હતા. જે તેને પસંદ ન હતું. તેથી જીતુ વણઝારાને મારવા માટે બ્લાસ્ટમાં વપરાતી જીલેટિન સ્ટીક અને ડિટોનેટરનો ઉપયોગ કરી તેને રેડિયો જેવા ડિવાઈસમાં જીલેટિન સ્ટીક પ્લેસ કરી હતી અને તેમાંથી વાયર બહાર કાઢ્યો હતો. આ રીતે સમગ્ર ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. આરોપીએ પ્રાથમિક તપાસમાં રાજસ્થાનના વેપારી પાસેથી જીલેટિન સ્ટીક અને ડિટોનેટર લાવ્યો હોવાનું જણાવ્યું હતું.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨